

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 031
Dt.: 05-12-2025, Friday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### મોદી-ટ્રમ્પની એકબીજાને ભેટવાની કુટનીતિ ફ્રીઝ થઇ ગઇ છેઃ કોંગ્રેસ

# ભારત-પાક.યુદ્ધ અટકાવવાનું શ્રેય ટ્રમ્પને મળવું જોઈએઃ US વિદેશ મંત્રી

## ગત ૧૦ મે ના રોજ અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબિયોએ ઓપરેશન સિંદુર અટકાવી દેવાની ખબર આપનારા સૌ પ્રથમ વ્યક્તિ હતા



(SSS) વોશિંગ્ટન, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચેના અત્યંત ખતરનાક યુદ્ધ સહિત અનેક દેશો વચ્ચે ફાટી નીકળેલાં યુદ્ધોને અટકાવી દેવા હસ્તક્ષેપ કર્યો હતો, તેથી અમેરિકાની વિદેશ નીતિને નવેસરથી ઘડવાનું તમામ શ્રેય પ્રમુખ ટ્રમ્પના ફાળે જવું જોઈએ એમ અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ કહ્યું હતું.

મંગળવારે વ્હાઈટ હાઉસ ખાતે મળેલી કેબિનેટની બેઠકને સંબોધતા રૂબિયોએ કહ્યું હતું કે છેલ્લાં એક દાયકામાં પ્રથમવાર અમેરિકાની વિદેશ નીતિએ આ રાષ્ટ્રને વધુ સુરક્ષિત, મજબૂત અને પ્રગતિશીલ બનાવ્યું છે. મારું માનવું છે કે અન્ય દેશો વચ્ચે કરાવેલી શાંતિ મંત્રણાનો ઉલ્લેખ ના કરીએ તો પણ ભારત અને પાકિસ્તાન વચ્ચેના અને થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચેના અત્યંત ખતરનાક યુદ્ધનો અંત લાવવા બદલ આ રાષ્ટ્રની વિદેશ નીતિના પારદર્શક પાસાં માટે પ્રમુખ ટ્રમ્પ તમે ખરેખર તમામ શ્રેય મેળવવાને પાત્ર છો એમ રૂબિયોએ કહ્યું હતું.આ અગાઉ કેબિનેટની બેઠકમાં પ્રમુખ ટ્રમ્પે ફરીથી વિશ્વમાં તેમણે અનેક યુદ્ધ અટકાવી દેવાના પોતાના દાવાનો પુનરોચ્ચાર કર્યો હતો જેમાં તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે કરાવેલાં સમાધાનને ભારપૂર્વક દર્શાવ્યું હતું અને સાથે તેમણે એવો પણ દાવો કર્યો હતો કે વિશ્વના આઠ યુદ્ધો અટકાવી દેવા બદલ તેમને નોબલ પ્રાઈઝ મળવું જોઈએ.ભારત-પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ અટકાવવા ટ્રમ્પે હસ્તક્ષેપ કર્યો હોવાના અમેરિકાના પ્રમુખના વારંવારના દાવા બાબતે કોંગ્રેસે આજે વડાપ્રધાન મોદીની એમ કહીને આકરી આલોચના કરી હતી કે મોદી અને ટ્રમ્પની એકબીજાને ભેટવાની અને ગળે લગાવવાની રાજદ્વારી નીતિ સંપૂર્ણ ફ્રીઝ થઇ ગઇ છે તે બાબતે આશ્ચર્ય પામવા જેવું કશું નથી. કોંગ્રેસના મહામંત્રી અને સંદેશાવ્યવહાર વિભાગના ઈન્ચાર્જ જયરામ રમેશે કહ્યું હતું કે ગત ૧૦ મે ના રોજ અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબિયોએ ઓપરેશન સિંદુર અટકાવી દેવાની ખબર આપનારા સૌ પ્રથમ વ્યક્તિ હતા.



# રશિયાના રાષ્ટ્રપતિ પુતિન પહોંચ્યા દિલ્હી, વડાપ્રધાન મોદીએ કર્યું ભવ્ય સ્વાગત

(SSS) નવી દિલ્હી રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન આજથી બે દિવસની ભારતની મુલાકાતે આવી પહોંચ્યા છે. રશિયાના રાષ્ટ્રપતિ પુતિનનું વિમાન સાંજે ૭ વાગ્યાની આસપાસ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના પાલમ એરપોર્ટ પર ઉતર્યું. પુતિન ૨૩મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેવા માટે ભારતની મુલાકાતે છે. આખી દુનિયાની નજર તેમની મુલાકાત પર છે. ભારતમાં આગમન પર વ્લાદિમીર પુતિનનું એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના સ્વાગત માટે પાલમ એરપોર્ટ પર રેડ કાર્પેટ બિછાવવામાં આવ્યું હતું. પીએમ મોદી તેમનું સ્વાગત કરવા માટે એરપોર્ટ પર પહોંચી ચૂક્યા હતા. વ્લાદિમીર પુતિન વિમાનમાંથી બહાર નીકળતા જ પીએમ મોદીએ પુતિનનું ગળે લગાવીને સ્વાગત કર્યું. એરપોર્ટથી ઉતર્યા બાદ રશિયાના રાષ્ટ્રપતિનું વડાપ્રધાન મોદીએ ભવ્ય સ્વાગત કર્યું હતું. સ્વાગત કર્યા બાદ બંને નેતાઓ એરપોર્ટથી રાષ્ટ્રપતિ ભવન એકજ કારમાં રવાના થઈ ગયા હતા. રશિયાના રાષ્ટ્રપતિ પુતિન સાથે એક ખાસ પ્રતિનિધિમંડળ પણ ભારત આવ્યું છે. આ વ્યાપારી પ્રતિનિધિમંડળમાં રાજેશ શર્માનો સમાવેશ થાય છે, જેઓ રશિયામાં એક મોટી ફાર્માસ્યુટિકલ કંપનીના માલિક છે અને ૩૪ વર્ષથી રશિયામાં રહે છે. રશિયન ફાર્માસ્યુટિકલ કંપનીઓ ભારત સાથે મોટા કરારો પર હસ્તાક્ષર કરવાની આશા રાખી રહી છે. પુતિનના ભારત આગમન પહેલા જ ઘણા રશિયન મંત્રીઓ દિલ્હી પહોંચી ચૂક્યા છે. આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે ભારત-અમેરિકા સંબંધો છેલ્લા બે દાયકામાં કદાચ સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે, જેનું કારણ અમેરિકા દ્વારા ભારતીય માલ પર ૫૦ ટકાનો જંગી ટેરિફ લાદવામાં આવ્યો છે. આ ટેરિફમાં રશિયન ક્રૂડ ઓઈલની ખરીદી પર લાદવામાં આવેલ ૨૫ ટકા ટેરિફનો સમાવેશ થાય છે.ભારત સરકારના સૂત્રોના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રપતિ પુતિનની મુલાકાતથી આર્થિક સહયોગમાં નોંધપાત્ર વધારો થશે. રાષ્ટ્રપતિ પુતિન ઉદ્યોગપતિઓના મોટા જૂથ સાથે પ્રવાસ કરી રહ્યા છે. ભારત રશિયા સાથેની વેપાર ખાધમાં સુધારો કરવાની આશા રાખે છે. રશિયામાં ભારતીય નિકાસ વધારવા માટે અનેક માર્ગો શોધવામાં આવી રહ્યા છે, જેમાં ફાર્માસ્યુટિકલ્સ, ઓટોમોબાઈલ્સ, કૃષિ ઉત્પાદનો અને દરિયાઈ ઉત્પાદનોનો સમાવેશ થાય છે. આ ભારતીય વ્યવસાયો અને ઉત્પાદનો માટે એક મોટું બજાર પૂરું પાડશે, રોજગાર સર્જન અને આપણા ખેડૂતોની સુખાકારીને વેગ આપશે. શિપિંગ, આરોગ્યસંભાળ, ખાતરો અને કનેક્ટિવિટીના ક્ષેત્રોમાં અનેક કરારો અને સમજૂતી કરારો પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે. લોકો-થી-લોકોના સંબંધો, ગતિશીલતા ભાગીદારી, સંસ્કૃતિ અને વૈજ્ઞાનિક સહયોગમાં પણ વધુ સહયોગ જોવા મળશે. રશિયાના રાષ્ટ્રપતિ પુતિન બે દિવસની ભારત મુલાકાતે પહોંચ્યા છે.

### રશિયાના સંરક્ષણ મંત્રી સાથેની બેઠકમાં બોલ્યા રાજનાથ સિંહ

# ટેક્નોલોજી અને સંરક્ષણમાં રશિયા ભારતનું વ્યૂહાત્મક ભાગીદાર

## રાજનાથ સિંહે દિલ્હીના માણેકશૉ સેન્ટર ખાતે રશિયાના સંરક્ષણ મંત્રી આન્દ્રેઈ બેલોઉસોવ સાથે બેઠક યોજી

(SSS) નવી દિલ્હી સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે (૪ ડિસેમ્બર) દિલ્હીના માણેકશૉ સેન્ટર ખાતે રશિયાના સંરક્ષણ મંત્રી આન્દ્રેઈ બેલોઉસોવ સાથે બેઠક યોજીને ભારત-રશિયાના દોસ્તી અંગે મહત્ત્વની વાત કરી છે. રાજનાથ સિંહે કહ્યું છે કે, 'રશિયા આજે પણ ભારતનો વ્યૂહાત્મક અને વિશ્વાસપાત્ર ભાગીદાર છે, ખાસ કરીને સંરક્ષણ અને તકનીકી સહયોગના ક્ષેત્રમાં...' રાજનાથ સિંહે કહ્યું કે, 'વૈશ્વિક ભૂ-રાજકીય પરિવર્તનો છતાં બંને દેશોના સંબંધો અડીખમ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે સતત સંવાદ થવાના કારણે બંને દેશોના સંબંધો વધુ ગાઢ બન્યા છે.' બેઠકમાં સૈન્ય ઉત્પાદન, સંયુક્ત વિકાસ, લાયસન્સવાળી મેન્યુફેક્ચરિંગ અને તકનીકી હસ્તાંતરણ સહિતના તમામ મહત્ત્વના ક્ષેત્રો પર વિગતવાર ચર્ચા થઈ હતી.

રશિયા-ભારત હવે વેપારી ભાગીદારીને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે તૈયાર છે. રશિયાના નાણા મંત્રી એન્ટોન સિલુઆનોવે આશા વ્યક્ત કરી કે 'બંને દેશો ૨૦૩૦ સુધીમાં ૧૦૦ અબજ અમેરિકી ડૉલરના વાર્ષિક વેપાર લક્ષ્યાંકને પ્રાપ્ત કરી શકે છે. ૨૦૧૮માં નિર્ધારિત કરાયેલ ૩૦ અબજ ડૉલરનું લક્ષ્ય આજે ૬૮ અબજ ડૉલર સુધી પહોંચી ગયું છે, જે અપેક્ષા કરતાં વધુ છે. બંને દેશોના વેપારમાં વૃદ્ધિ પાછળ ઊર્જા, સંરક્ષણ, નાણાકીય સેવાઓ અને ઉદ્યોગો વચ્ચેનો વધતો સહયોગ જવાબદાર છે.' આમ છેલ્લા સાત વર્ષમાં વેપાર ભાગીદારી છસ્સો ટકા વધી ગઈ છે.

દાયકાઓથી, રશિયા ભારતનું સૌથી મોટું અને મહત્ત્વપૂર્ણ શસ્ત્ર સપ્લાયર રહ્યું છે. ભારતીય વાયુસેનાના સુખોઈ જી-૩૦ સ્દ્રૈં લડાકુ વિમાનો, મિગ સિરીઝના વિમાનો, અને ભારતીય સેનાના મુખ્ય યુદ્ધ ટેંક T-90 તેમજ સબમરીન રશિયા પાસેથી મેળવવામાં આવી છે. રશિયાએ અન્ય દેશોની તુલનામાં ભારતને સંરક્ષણ ટૅકનોલૉજી ટ્રાન્સફર કરવામાં હંમેશા વધુ સહકાર આપ્યો છે. બંને દેશોએ ભેગા મળીને વિશ્વની સૌથી ઝડપી બ્રહ્મોસ મિસાઈલ બનાવેલી છે. આ ઉપરાંત ભારતમાં જ લાયસન્સ હેઠળ જી-૩૦ સ્દ્રૈં વિમાનો અને -૯૦ ટેંકનું નિર્માણ થઈ રહ્યું છે.

**બંને દેશો વચ્ચે કયાં વર્ષે કેટલી વેપાર ભાગીદારી વધી**

૨૦૨૪-૨૫ - ૮૦ બિલિયન ડૉલર
૨૦૨૩-૨૪ - ૬૮ બિલિયન ડૉલર
૨૦૨૨-૨૩ - ૪૯.૯ બિલિયન ડૉલર
૨૦૨૧-૨૨ - ૧૩.૧ બિલિયન ડૉલર
૨૦૨૦-૨૧ - ૮.૧ બિલિયન ડૉલર
૨૦૧૯-૨૦ - ૧૦.૯ બિલિયન ડૉલર
૨૦૧૮-૧૯ - ૧૧.૯ બિલિયન ડૉલર

## મેડિકલ સ્ટોર્સ પરના QR કોડથી હવે દવા અંગે ફરિયાદ કરી શકાશે

(SSS) નવી દિલ્હી દેશભરમાં હવે દવાઓની તમામ દુકાનોમાં ક્યુઆર કોડ અને ટોલ ફ્રી નંબર દર્શાવવો ફરજિયાત કરવામાં આવ્યો છે. આનાથી લોકો દવાઓની આડ અસરોની તાત્કાલિક સીધી ફરિયાદ કરી શકશે. સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO)એ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ડ્રગ લાઈસન્સિંગ સત્તાવાળાને રિટેલ અને હોલસેલ દવાની દુકાનમાં ક્વિક રિસ્પોન્સ (QR) કોડ અને ટોલ-ફ્રી નંબર પ્રદર્શિત કરવામાં આવે તેની ખાતરી કરવાનો આદેશ આપ્યો છે.CDSCOએ જણાવ્યું હતું કે આ પગલાથી સ્વદેશી PvPI એડવર્સ ડ્રગ રિએક્શન મોનિટરિંગ સિસ્ટમ દ્વારા જાહેર જનતા અને હેલ્થકેર પ્રોફેશનલ્સ દવાની આડ અસરો કે બીજી કોઈ આડ ઘટનાની સરળતાથી જાણકારી આપી શકશે. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ડ્રગ લાઈસન્સિંગ સત્તાવાળાઓને જારી કરાયેલા પરિપત્રમાં CDSCOએ જણાવ્યું હતું કે તમામ રાજ્ય ડ્રગ લાઈસન્સિંગ સત્તાવાળાઓ અને કેન્દ્રશાસિત પ્રદેશ ડ્રગ લાઈસન્સિંગ સત્તાવાળાઓ દેશભરના દરેક રિટેલ અને હોલસેલ ફાર્મસી સ્ટોરમાં એક અગ્રણી સ્થાન પર નિયુક્ત QR કોડ પ્રદર્શિત કરે તેની ખાતરી કરશે.

### ડૉલર સામે રૂપિયાનું સતત ધોવાણ

# ભારતીય કરન્સી ૯૦.૪૧ની નવી ઐતિહાસિક નીચલી સપાટીએ

(SSS) નવી દિલ્હી ભારતીય રૂપિયાએ આજે ટ્રેડિંગની શરુઆત અત્યંત નબળાઈ સાથે કરી છે અને ડૉલર સામે ફરી એકવાર નવું રૅકોર્ડ નીચલું સ્તર સ્પર્શ્યું છે. ગઈકાલના બંધ સ્તર રૂ.૯૦.૧૯ પ્રતિ ડૉલરની સરખામણીએ આજે સ્થાનિક ચલણ રૂ.૯૦.૪૧ પ્રતિ ડૉલર પર ખુલ્યું, એટલે કે શરુઆતી કારોબારમાં જ રૂપિયો ૨૨ પૈસા તૂટ્યો. આ તીવ્ર ઘટાડો સૂચવે છે કે વિદેશી બજારોનું દબાણ, મજબૂત ડૉલર અને વૈશ્વિક અનિશ્ચિતતા રૂપિયા પર ભારે પડી રહી છે.

રૂપિયા પર છેલ્લા ઘણા દિવસોથી સતત દબાણ જોવા મળી રહ્યું છે. નિષ્ણાતોના મતે, આ ઘટાડા માટે નીચેના પરિબળો જવાબદાર છે : મજબૂત ડૉલર ઈન્ડેક્સઃ ડૉલર ઈન્ડેક્સમાં સતત મજબૂતી જોવા મળી રહી છે.

વિદેશી રોકાણકારોની વેચવાલી (FPI Outflows): વિદેશી રોકાણકારો દ્વારા ભારતીય બજારોમાંથી સતત પૈસા પાછા ખેંચવામાં આવી રહ્યા છે.

ઊંચી ક્રૂડ ઓઈલની કિંમતોઃ ક્રૂડ ઓઈલના ઊંચા ભાવો ભારતનું આયાત બિલ વધારી રહ્યા છે, જેનાથી રૂપિયા પર દબાણ આવે છે.

ગ્લોબલ અનિશ્ચિતતાઃ વૈશ્વિક બજારમાં રહેલી અનિશ્ચિતતા પણ રૂપિયાને નબળો પાડી રહી છે.

અમેરિકન અર્થવ્યવસ્થાના ડેટાઃ યુએસના આર્થિક ડેટા અને ફેડ દ્વારા વ્યાજ દરો વધારવાની વધતી અપેક્ષાઓ ડૉલરને વધુ મજબૂત બનાવી રહી છે. જ્યારે ડૉલર મજબૂત થાય છે, ત્યારે મોટાભાગની ઊભરતી બજારની કરન્સી નબળી પડે છે, અને આ જ ચક્રમાં રૂપિયો પણ દબાણ હેઠળ છે. બજાર નિષ્ણાતો માને છે કે જો વિદેશી રોકાણકારો સ્થાનિક ઈક્વિટી અને ડેટ માર્કેટમાંથી પૈસા કાઢવાનું ચાલુ રાખશે, અને જો કાચા તેલની કિંમતો વધુ ચઢશે, તો રૂપિયો નબળો જ રહેશે. આગામી દિવસોમાં રૂપિયો ૯૧નું સ્તર પણ સ્પર્શી શકે છે.

રૂપિયાની નબળાઈની સામાન્ય લોકો પર અસરઃ આયાત મોંઘીઃ ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, કેમેરા, દવાઓ અને સોના જેવી આયાતી વસ્તુઓ મોંઘી થશે.

વિદેશી શિક્ષણઃ વિદેશમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની ફી અને ખર્ચમાં વધારો થશે.




# તંત્રી લેખ......

## આવતા વર્ષથી ટોલ બૂથ ઉપર ટ્રાફિક જામથી છુટકારો મળી જશે

આવતા વર્ષથી તમારે હવે ટોલ બૂથ પર ટ્રાફિક જામથી છુટકારો મળી જશે. કેન્દ્ર સરકાર આ માટે એક ખાસ સિસ્ટમ પર કામ કરી રહી છે. એકવાર આ સિસ્ટમ લાગુ થઈ ગયા પછી, કોઈપણ વાહનને ટોલ બૂથ પર ચૂકવણી કરવા માટે લાઈનમાં રાહ જોવી પડશે નહીં.

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ આ નવી સિસ્ટમ અંગે લોકસભામાં એક મોટું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, આગામી વર્ષ દરમિયાન વર્તમાન ટોલ કલેક્શન સિસ્ટમ સંપૂર્ણપણે બદલી નાખવામાં આવશે. હવેથી, ટોલ ટેક્સ ઈલેક્ટ્રોનિક રીતે ચૂકવવામાં આવશે. આનો સૌથી વધુ ફાયદો વાહનચાલકોને થશે. શિયાળુ સત્ર દરમિયાન આજે ગુરુવારે લોકસભામાં બોલતા, નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે, નવી સિસ્ટમ ૧૦ સ્થળોએ શરૂ કરવામાં આવી છે અને આગામી વર્ષ દરમિયાન સમગ્ર દેશમાં તેનો વિસ્તાર કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે, તેના અમલીકરણથી હાલની ટોલ સિસ્ટમ ખતમ થઈ જશે. ટોલના નામે તમને કોઈ રોકશે નહીં. ગડકરીએ એમ પણ કહ્યું કે, એક વર્ષની અંદર દેશભરમાં ઈલેક્ટ્રોનિક ટોલ વસૂલાત લાગુ કરવામાં આવશે. દેશભરમાં હાલમાં રૂ.૧૦ લાખ કરોડના ૪,૫૦૦ હાઈવે પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે. તાજેતરના સત્તાવાર નિવેદન મુજબ, નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા **(NPCI)** એ નેશનલ ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન **(NETC)** પ્રોગ્રામ વિકસાવ્યો છે, જે ઈલેક્ટ્રોનિક ટોલ ચુકવણી માટે એકીકૃત ઈન્ટરઓપરેબલ પ્લેટફોર્મ છે, જે ભારતના હાઈવે પર ટોલ વસૂલાતને સુવ્યવસ્થિત કરવા માટે છે. લોકસભામાં બોલતા, નીતિન ગડકરીએ દિલ્હીમાં પ્રદૂષણ પર પણ ટિપ્પણી કરી હતી. તેમણે ગુરુવારે કહ્યું કે, કેન્દ્ર સરકાર વૈકલ્પિક ઈંધણને પ્રાથમિકતા આપી રહી છે અને ટોયોટાની "મીરાઈ" હાઈડ્રોજન ફ્યુઅલ-સેલ કારનો ઉપયોગ શરૂ કરી દીધો છે. પૂરક પ્રશ્નોના જવાબ આપતા, ગડકરીએ કહ્યું કે, હાઈડ્રોજન ભવિષ્યનું ઈંધણ છે. મારી પાસે પણ હાઈડ્રોજનથી ચાલતી કાર છે, અને આ કાર ટોયોટાની છે. તે મર્સિડીઝ જેટલી જ સુવિધા આપે છે. આ કારનું નામ 'મીરાઈ' છે, જેનો જાપાની શબ્દ અર્થ 'ભવિષ્ય' થાય છે. આ વર્ષે ઓક્ટોબરમાં, કેન્દ્ર સરકારે **FASTags** વગરના વાહનચાલકોને નોંધપાત્ર રાહત આપી હતી. આ રાહતમાં એવી જોગવાઈ હતી કે, જો કોઈ વાહનમાં **FASTag** ન હોય અથવા તે કામ ન કરતું હોય, તો ટોલ પ્લાઝા પર રોકડમાં બમણો ટોલ ટેક્સ ચૂકવવાને બદલે, જો વાહન **UPI**નો ઉપયોગ કરીને ચૂકવણી કરે તો ફક્ત ૧.૨૫ ગણો ટોલ ટેક્સ વસૂલવામાં આવશે. માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયે આ અંગે એક સૂચના જાહેર કરી હતી. ૧૫ નવેમ્બરથી દેશભરના ટોલ પ્લાઝા પર આ નવી સિસ્ટમ અમલમાં આવી છે. જૂના નિયમ મુજબ, જો કોઈ વાહનમાં **FASTag** ન હોય અથવા તે માન્ય ન હોય, તો સામાન્ય ટોલ ફીના બમણા **(2X)** રોકડમાં ચૂકવવા પડતા હતા, જે એક મોટો દંડ માનવામાં આવતો હતો. પરંતુ હવે ફાસ્ટેગ વગરના અથવા બંધ ફાસ્ટેગવાળા વાહનો **UPI** દ્વારા ટોલ ફીના ૧.૨૫ ગણા ચૂકવી શકશે. આનો અર્થ એ થયો કે, **UPI** દ્વારા ચુકવણી પર હવે બમણો ટોલ ટેક્સ વસૂલવામાં આવશે નહીં.

### ફોજદારી કેસમાં જામીન માટે સમાનતાનો સિદ્ધાંત એકમાત્ર આધાર નથી

# સહ-આરોપીને જામીન મળ્યાના એકમાત્ર આધારે આરોપીને જામીન ન મળે: SC

### અલ્હાબાદ હાઈકોર્ટે હત્યાના એક કેસમાં સહ-આરોપીને જામીન આપવામાં આવ્યા હોવાના એકમાત્ર આધારે આરોપીને પણ જામીન આપ્યા હતાં



**(SSS)** નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ અવલોકન જણાવ્યું હતું કે જામીન એક નિયમ છે અને જેલ એક અપવાદ છે, તેવા સિદ્ધાંતનું પાલન કરી અદાલતો જામીન આપતી હોય છે, પરંતુ ફોજદારી કેસોમાં આરોપીને જામીન આપવા માટે સમાનતાનો સિદ્ધાંત એકમાત્ર આધાર નથી. આ અવલોકન કરીને સર્વોચ્ચ અદાલતે સહ-આરોપીને જામીન મળ્યા હોવાથી આરોપીને જામીન આપતા અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદાને રદ કર્યો હતો.અલ્હાબાદ હાઈકોર્ટે હત્યાના એક કેસમાં સહ-આરોપીને જામીન આપવામાં આવ્યા હોવાના એકમાત્ર આધારે આરોપીને પણ જામીન આપ્યા હતાં. જસ્ટિસ સંજય કરોલ અને એન કોટીશ્વર સિંહ બનેલી સુપ્રીમ કોર્ટની ખંડપીઠે જણાવ્યું હતું કે જામીનને ઘણીવાર નિયમ અને જેલને અપવાદ ગણાવવામાં આવે છે. આનો પર જેટલો ભાર મૂકીએ તેટલો ઓછો છે. જોકે આનો અર્થ એ નથી કે આરોપી વ્યક્તિની ધરપકડ કયા ગુના માટે કરવામાં આવી છે તેના સંજોગોને ધ્યાનમાં લીધા વગર જામીનની રાહત મંજૂર કરવામાં આવે. આ સંદર્ભમાં એ નોંધવું જોઈએ કે જામીન આપતી વખતે કોર્ટે અનેક પાસાઓ ધ્યાનમાં લેવા પડે છે. આ અદાલતે આપેલા ઘણા ચુકાદાઓમાં ગણતરીમાં લેવા યોગ્ય ઘણા પાસાંઓનું વર્ણન કરવામાં આવ્યું છે.ખંડપીઠે જણાવ્યું હતું કે આરોપીઓને જામીન આપવામાં સંબંધિત તમામ બાબતો ધ્યાનમાં લેવામાં અલ્હાબાદ હાઈકોર્ટ નિષ્ફળ ગઈ છે. કોર્ટે સમાનતાના એકમાત્ર આધાર પર ભૂલથી જામીન આપ્યા હોય તેવું લાગે છે. કોર્ટે સમાનતાનો સીધો સિદ્ધાંત લાગુ કરવાની ગેરસમજ કરી છે. તેમાં આરોપીએ ભજવેલી ભૂમિકા પર ધ્યાન કેન્દ્રીત કરાયું નથી. એકમાત્ર સમાનતાના સિદ્ધાંતને આધારે જામીન આપી શકાય નહીં અને તે કાયદો યોગ્ય અમલ છે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે એક જ ગુનામાં આરોપીઓની વિવિધ ભૂમિકા હોઈ શકે છે. કેટલાંક આરોપી મોટા ગ્રૂપનો સભ્ય હોય છે, જ્યારે કેટલાંક હિંસા ભડકાવાની ભૂમિકામાં હોય છે.

### ૨૭ દસ્તાવેજોને નિયમ મુજબ ફ્લાઈટ પહેલા ચકાસવાના હોય છે

# એર ઈન્ડિયાના વિમાને એરવર્થીનેસ સર્ટિ. વિના સંખ્યાબંધ ઊડાન ભરી

### ફ્લાઈટ કમિટીએ હાથ ધરેલી પ્રાથમિક તપાસ બાદ ૬ થી ૮ પાઈલટ સામે પગલાં લેવાય તેવી શક્યતા

**(SSS)** મુંબઈ

અમદાવાદ એરપોર્ટ નજીક પ્લેન ક્રેશની દુર્ઘટના બાદ દેશભરની તમામ એરલાઈન્સ માટે ઊડાન શરૂ કરતા પહેલાં નિયત જોગવાઈઓનું ચુસ્ત પાલન કરવાની સૂચના જારી કરાઈ હતી. એર ઈન્ડિયાના એરબસ એ-૩૨૦ નીઓ પ્લેનને એરવર્થીનેસ સર્ટિફિકેશન ન હોવા છતાં અનેક વખત ઓપરેટ કરાયું હોવાની ઘટના ધ્યાને આવી છે.

નવેમ્બર મહિનામાં એરવર્થીનેસ સર્ટિફિકેટ વગર વિમાનને ઓપરેટ કરવાની ઘટનામાં ધ ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. ૨૬ નવેમ્બરે એરવર્થીનેસ સર્ટિફિકેટ વગરના વિમાને ઊડાન ભરી હોવાનું ધ્યાને આવતા ડીજીસીએ દ્વારા એરલાઈનને નિર્દેશ અપાયા છે અને આ મામલે આંતરિક તપાસ હાથ ધરી જવાબદારી નક્કી કરવા અને ભવિષ્યમાં આવી ઘટના ન બને તે સુનિશ્ચિત કરવા જણાવાયું છે. એ-૩૨૦ નીઓ એરક્રાફ્ટની ઘટના સંદર્ભે એર ઈન્ડિયાના એકાઉન્ટેબલ મેનેજર અને ડિરેક્ટર ઓફ ફ્લાઈટ ઓપરેશન્સ મનીષ ઉપ્પલે તમામ પાઈલટને એક સૂચના પાઠવી છે અને તમામને પૂરતા દસ્તાવેજોની માન્યતા ચકાસવાની જવાબદારી યાદ કરવી છે. એર ઈન્ડિયા તરફથી આ મામલે કોઈ પ્રતિક્રિયા આવી નથી. જો કે સૂત્રોના જણાવ્યા મુજબ, ચાર વર્ષ જૂનું એરક્રાફ્ટ એ ૩૨૦ નીઓ વિસ્તારા એરલાઈન્સ પાસે હતું અને લાંબા સમયથી તેનું એરવર્થીનેસ સર્ટિફિકેટ એક્સપાયર થઈ ગયું હતું. ૨૪ નવેમ્બરે એરલાઈન્સ દ્વારા એરક્રાફ્ટને સેવામાં નહીં લેવા નિર્ણય લેવાયો હતો. આમ છતાં, આ જ એરક્રાફ્ટને દિલ્હી-બેંગલુરુ-મુંબઈની ફ્લાઈટમાં ઉપયોગમાં લેવામાં આવ્યું હતું. બીજા દિવસે એટલે કે ૨૫ નવેમ્બરે પણ આ જ એરક્રાફ્ટનો ઉપયોગ મુંબઈ-દિલ્હી-મુંબઈ અને મુંબઈ-હૈદરાબાદ-મુંબઈની ફ્લાઈટમાં થયો હતો. બાદમાં ૨૫ નવેમ્બરે જ એરક્રાફ્ટને મેન્ટેનન્સ માટે મોકલવામાં આવ્યું હતું અને તે સમયે પ્લેન પાસે એરવર્થીનેસ સર્ટિફિકેટ ન હોવાનું એન્જિનિયર્સના ધ્યાને આવ્યું હતું. આ ઘટના બાદ ફ્લાઈટ ઓપરેશન્સ કમિટીએ સંબંધિત પાઈલટ સામે પગલાં લેવા તપાસ હાથ ધરી હતી. આ ઘટનામાં છથી ૮ પાઈલટ સામે પગલાં લેવાની શક્યતા સૂત્રોએ વ્યક્ત કરી છે. દરમિયાન સોમવારે ઉપ્પલે આપેલા નિર્દેશોમાં તમામ ફ્લાઈટ ક્રૂ માટે દરેક ફ્લાઈટ પહેલા જરૂરી એરક્રાફ્ટ ડોક્યુમેન્ટ્સની ચકાસણી કરવા જણાવાયું છે. આવા ૨૭ દસ્તાવેજોને નિયમ મુજબ ફ્લાઈટ પહેલા ચકાસવાના હોય છે.

### પુતિનની સાથે ભારત એસ-૪૦૦, ફાઈટર જેટ એસયુ-૫૭ ખરીદવા અંગે ચર્ચા કરશે

# રશિયન રાષ્ટ્રપતિ પુતિનની ભારત યાત્રા પહેલાં દિલ્હીમાં હાઈ સિક્યોરિટી એલર્ટ

### પુતિનની સુરક્ષા સંભાળતી રશિયાની સ્પેશિયલ પ્રોટેક્શ ટીમ કેટલાય દિવસો પહેલા ગુપ્ત રીતે દિલ્હી આવી ચૂકી છે

**(GNS)** નવી દિલ્હી

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ચોથી ડિસેમ્બરને ગુરુવારે ભારતની યાત્રાએ આવી રહ્યા છે. પુતિનની યાત્રાને લઈને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રાજધાની દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરી દેવાઈ છે. સુરક્ષા એજન્સીઓને હાઈએલર્ટ પર મૂકવામાં આવી છે. દિલ્હીમાં હાઈ સિક્યોરિટી એલર્ટ છે અને મહત્વના સ્થળો પર મોટી સંખ્યામાં પોલીસ ફોર્સ ગોઠવવામાં આવી છે.દિલ્હી પોલીસ, સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ(એસપીજી) અને કેન્દ્રીય એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. હોટલથી મીટિંગ સ્થળ સુધી મલ્ટી-લેયર સિક્યોરિટી રાખવામાં આવી છે. પુતિન વિશ્વના સૌથી પ્રભાવશાળી નેતાઓ પૈકીના એક છે, અને તેમની ઉચ્ચસ્તરીય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ભારત અને રશિયા બંને દેશોની સુરક્ષા એજન્સીઓ સાથી મળીને કામ કરી રહી છે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસકોવે સત્તાવાર માહિતીમાં જણાવ્યું કે, પુતિનની ભારત યાત્રા દરમિયાન એસ-૪૦૦ ડિફેન્સ સિસ્ટમ એજન્ડામાં સામેલ છે. તેમજ ફીફ્થ જનરેશનના ફાઈટર જેટ એસયુ-૫૭ પણ ડીલની ચર્ચા માટેના એજન્ડામાં સામેલ છે. રાષ્ટ્રપતિ પુતિનના આવવા અને જવાના તમામ પોઈન્ટ પર સ્નાઈપર્સ ગોઠવવામાં આવ્યા છે. તેમજ ડ્રોન દ્વારા દેખરેખ રખાશે. ટેક્નિકલ ટીમો દરેક સિગ્નલ, કોમ્યુનિકેશન અને નેટવર્ક પર વોચ રાખશે. દિલ્હી પોલીસના કંટ્રોલ રુમમાં ૨૪૭ એક અલગ મોનિટરિંગ ડેસ્ક બનાવવામાં આવી છે.પુતિનની સુરક્ષા સંભાળતી રશિયાની સ્પેશિયલ પ્રોટેક્શ ટીમ કેટલાય દિવસો પહેલા ગુપ્ત રીતે દિલ્હી આવી ચૂકી છે. આ ટીમ એરપોર્ટ, મીટિંગ સ્થળ અને આખા રુટનું સૂક્ષ્મ તપાસ કરી રહી છે. કોણ કયા કેમેરામાં આવશે, કઈ લિફ્ટનો ઉપયોગ થશે, કયા દરવાજાથી એન્ટ્રી થશે અને કયા દરવાજાથી એક્ઝિટ થશે - આ તમામ બાબતો મિનિટ-ટુ-મિનિટ નક્કી કરાઈ છે. રશિયન સુરક્ષા અધિકારીઓની ટીમ હોટલ, એરપોર્ટ અને મીટિંગ સ્થળની તપાસ કરી રહી છે.પુતિન જ્યાં પણ જાય છે, ત્યાં તેમની સાથે એક મોબાઈલ કેમિકલ લેબોરેટરી પણ રાખવામાં આવે છે, જે તેમના ખાવા-પીવાની ચીજવસ્તુઓનું ટેસ્ટિંગ કરે છે. એટલા માટે પુતિન લોકલ ભોજન જમતા નથી અને ગમે ત્યાંથી પાણી પણ પીતા નથી. બધુ જ રશિયાથી તૈયાર થઈને આવે છે અને કેટલાય સ્તરના ટેસ્ટિંગ પછી તેમને પીરસવામાં આવે છે. રાષ્ટ્રપતિ પુતિનની યાત્રા દરમિયાન પર્સનલ પોર્ટેબલ ટોયલેટ સાથે હોય છે, જેનો હેતુ તેમની હેલ્થ, મેડિકલ ડેટા અને ખાનગી માહિતીને સંપૂર્ણ રીતે સુરક્ષિત રાખવાનો છે. એ ટોયલેટ તેમની કારથી લઈને હોટેલ સુધી - દરેક જગ્યાએ સાથે હોય છે.

### દુલકીર સલમાન અને રાણા દગુબાતીએ ૮ કલાકની શિફ્ટ પર વાત કરી

# 'આ કોઈ ફેક્ટરી નથી કે તમે શૂટિંગ ૮ કલાકમાં કરી જ લો'

### સિનેમા કોઈ નોકરી નથી, એ એક જીવન છે, તમે એમાં રહો કે બિલકુલ ન રહો, આ કોઈ ફેક્ટરી નથી કે તમે આઠ કલાકમાં શૂટ પૂરું કરી જ દો



**(SSS)** મુંબઈ

જ્યારથી દીપિકા પાદુકોણે આઠ કલાકની શિફ્ટ મુદ્દે બે ફિલ્મ છોડી ત્યારથી ઈન્ડસ્ટ્રીમાં આ એક ચર્ચાનો વિષય બની ગયો છે. ત્યારે હવે ફિલ્મ પ્રોડ્યુસર દુલકીર સલમાન અને રાણા દગુબાતીએ આ મુદ્દે પોતાના વિચારો કહ્યા છે. તેઓ બંને વિક્રમાદિત્ય મોટવાણે અને અર્ચના કલ્પતિ સાથે એક રાઉન્ડ ટેબલ ચર્ચામાં હાજર રહ્યા હતા. દુલકીર સલમાને આ અંગે કહ્યું, "મલયાલમ સિનેમામાં અમે બસ કામ કરીએ છીએ. કાસ્ટ અને ક્રુને જ્યારે પેક અપ એવું સંભળાય ત્યારે તેઓ તાલીઓ પાડે છે, કારણ કે કોઈને ખબર હોતી નથી કે તેમની શિફ્ટ ક્યારે પુરી થશે. કારણ કે શૂટિંગનો દિવસ લાંબો કરવો કે વધારવો એ પ્રોડ્યુસરનો ભાર ઘણો વધારી દે છે. તેના બદલે બધાએ વધારે મહેનત કરવી જોઈએ અને આગળના દિવસે જ પછીના દિવસનું કામ પૂરું થઈ જાય. હું જ્યારે કોઈને રજા આપવાનું કહું છું તો એ લોકો તો સામેથી તેમનું કામ પૂરું કરીને પછી જવાનો આગ્રહ રાખે છે."તો આ વિશે રાણા દગુબાતીએ કહ્યું, "સિનેમા કોઈ નોકરી નથી, એ એક જીવન છે. તમે એમાં રહો કે બિલકુલ ન રહો. આ કોઈ ફેક્ટરી નથી કે તમે આઠ કલાકમાં શૂટ પૂરું કરી જ દો. આપણે આઠ કલાક બેસીને એક સારો સીન કરી શકીએ અથવા પચાસ કલાકમાં પણ કશું ન થાય એવું પણ થઈ શકે છે." જ્યારે વિક્રમાદિત્ય મોટવાણેએ જણાવ્યું હતું કે યોગ્ય આયોજનથી કામના કલાકો ચોક્કસ ઘટાડી શકાય છે. તેણે કલાકારોની મરજી અને પારદર્શક કામની પણ તરફેણ કરી હતી. તેણે કહ્યું કે દરેકને પહેલાંથી લાંબા કલાકો વિશે ખબર હોવી જોઈએ એ સ્થિતિ સર્વસ્વીકૃત હોવી જોઈએ.

### દિયા મિર્ઝાએ બોલિવૂડમાં એજિઝમ પર પ્રશ્ન ઉઠાવ્યા

# 'એક સ્ત્રી સિવાય કોઈ તેની સફળતા નક્કી કરી શકે નહીં'



**(SSS)** મુંબઈ

દિયા મિર્ઝાએ ઉમર વધતા સ્ત્રીઓને ઈન્ડસ્ટ્રીમાં જે અસમાનતાનો ભોગ બનવું પડે છે, તે અંગે વાત કરી છે. તેણે કહ્યું કે રોમેન્ટિક રોલ કરતી આ સ્ત્રીઓને હંમેશા નજર અંદાઝ કરી દેવાય છે. દિયા મિર્ઝા હંમેશા સામાજિક મુદ્દા કે પર્યાવરણ મુદ્દે પોતાનો અવાજ ઉઠાવતી રહી છે. ફરી એક વખત તેણે આવા જ એક અસમાનતાના મુદ્દા પર અવાજ ઉઠાવ્યો છે. તેણે કહ્યું કે જેવી ઈડસ્ટ્રીમાં સ્ત્રીઓની ઉંમર વધે છે કે, તે પડદા પરથી ધીરે ધીરે ગાયબ થતી જાય છે. દિયાએ કહ્યું કે હિરોન ઉંમર થાય તો લોકો તેનાં વખાણ કરે છે. જ્યારે હિરોઈનની ઉમર વધે તો તેનો સંઘર્ષ વધી જાય છે.

તાજેતરમાં એક ઈવેન્ટાં તેણે પત્રકાર બરખા દત્ત સાથે ચર્ચા કરી હતી, તેણે કહ્યું કે આટલાં વર્ષોમાં ઈન્ડસ્ટ્રીમાં કાસ્ટિંગ પદ્ધતિમાં ઘણું ઓછું પરિવર્તન આવ્યું છે. દિયાએ કહ્યું, આજે પણ એક્ટ્રેસને પહેલાંની જેવી જ બીબાંઢાળ રોલમાં તેનાંથી મોટી ઉંમરના હિરો સાથે કાસ્ટ કરવામાં આવે છે. દિયાએ કહ્યું, "મને બહુ રસપ્રદ લાગે છે કે મને આજે ૫૦ વર્ષ પૂરા કરવા પહોંચ્લા, ૬૦ વર્ષના કે ૭૦ વર્ષના પણ એક્ટર સાથે કાસ્ટ કરવામાં આવે છે અને અમારે સ્ક્રીન પર સરખા અને રોમેન્ટિક દેખાવાનું હોય છે."આ સાથે તેણે ઈડસ્ટ્રીના બેવડાં ધોરણો સામે પણ પ્રશ્ન ઉઠાવ્યા છે.

જ્યારે કોઈ ૬૦-૭૦ વર્ષની એક્ટ્રેસને ૪૦ની ઉમરના હિરો સામે સામાન્યપણે કાસ્ટ કરવામાં આવે એ તો કલ્પ્રા કરવી પણ મુશ્કેલ છે. પણ આનાથી ઉલટું સામાન્ય મનાય છે. આમ સંદેશ સ્પષ્ટ છે: સ્ક્રીન પર કોણ વૃદ્ધ થઈ શકે છે અને ઈચ્છનીય બની શકે છે તે અંગેના નિયમો પુરુષો અને સ્ત્રીઓ માટે ખૂબ જ અલગ છે.દીયાએ એમ પણ કહ્યું કે એક ઉમર પછી સ્ત્રીઓને ઈન્ડસ્ટ્રીમાં ઈચ્છનીય ગણવામાં આવતી નથી. દિયાના મતે નાના હિરો સાથે મોટી હિરોઈન ભાગ્યે જ જોવા મળે છે, કારણ કે ફિલ્મમેકર્સ હજુ મોટી ઉમરની સ્ત્રીઓને ઈચ્છનીય, આજના જમાનાની અને કેન્દ્રમાં કલ્પી શકતા નથી. દિયાએ કહ્યું કે, તેનો મુદ્દો મોટા હિરોને કામ મળે છે એ નથી, પરંતુ એ જ ઉમરની એક્ટ્રેસને એકબાજુ કરી દેવાય છે, એ પ્રશ્ન છે. તેણે કહ્યું, "મુદ્દો સ્ત્રીઓને વધુ કામ આપવા, માન આપવા કે વધુ જટિલ રોલથી વંચિત રાખવાનો છે."આગળ દિયાએ એવું પણ કહ્યું કે, "એક સ્ત્રી માટે તો આ ખરા પાવર યર્સ હોય છે. ૪૦ વટાવી ચુકેલી સ્ત્રીઓતેના મન અને મગજને બરાબર જાણે છે, સ્ત્રી ક્યારે સફળ ગળાય તે નક્કી કરવાનો અધિકાર સ્ત્રી સિવાય કોઈને નથી, તે ક્યારે પ્રસ્તુત છે કે નહીં, તેની વાર્તા ક્યારે પુરી થાય છે, તે સ્ત્રી જ નક્કી કરી શકે છે. અમે તે અમારી જાત માટે નક્કી કરી લઈશું. હંમેશા."

# કાશ્મીરમાં પારો ફરી "0"થી નીચે, શોપિયાં માઈનસ ૫.૯ ડિગ્રી સાથે સૌથી ઠંડુ

### રાજસ્થાનમાં અનેક વિસ્તારોમાં દસ ડિગ્રીથી ઓછું તાપમાન ફતેહપુર અને બિકાનેર ૩.૨ ડિગ્રી સાથે સૌથી ઠંડુ રહ્યું

**(GNS)** જમ્મુ

કાશ્મીરમાં ઠંડીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. કાશ્મીર ખીણનાં મોટા ભાગનાં વિસ્તારોમાં તાપમાન માઈનસમાં પહોંચી ગયું છે. તાપમાન ઘટવાની સાથે ખીણમાં ધુમ્મસનું પણ પ્રમાણ વધી ગયું છે તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. શ્રીનગરમાં લઘુતમ તાપમાન માઈનસ ૪.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું છે. એક દિવસ પહેલા શ્રીનગરમાં લઘુતમ તાપમાન માઈનસ ૨.૫ ડિગ્રી સેલ્સિયસ હતું.શ્રીનગર અને તેની આસપાસનાં વિસ્તારોમાં ધુમ્મસની ગાઢ છાદર છવાઈ ગઈ હતી. સત્તાવાળાઓનાં જણાવ્યા અનુસાર દક્ષિણ કાશ્મીરનાં શોપિયાં માઈનસ ૫.૯ ડિગ્રી સેલ્સિયસ સાથે કાશ્મીરનું સૌથી ઠંડુ સ્થળ રહ્યું હતું. રાજસ્થાનમાં પણ સતત ઠંડી વધી રહી છે. રાજ્યનાં અનેક વિસ્તારોમાં લઘુતમ તાપમાન દસ ડિગ્રીની નીચે પહોંચી ગયું છે. ફતેહપુર અને બિકાનેરમાં રાજ્યમાં સૌથી ઓછું ૩.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. દિલ્હીમાં મહત્તમ તાપમાન ૨૩.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું જ જે સિઝનનું સૌથી ઓછંત મહત્તમ તાપમાન હતું. જ્યારે લઘુતમ તાપમાન ૬.૪ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ (સીપીસીબી)ના જણાવ્યા અનુસાર દિલ્હીમાં વાયુ પ્રદૂષણ ૩૩૫ એક્યુઆઈ સાથે હજુ પણ વધારે ખરાબ કેટેગરીમાં રહ્યું હતું. સતત બીજા દિવસે દિલ્હીનું પ્રદૂષણ આ કેટેગરીમાં રહ્યું છે. તમિલનાડુનાં દરિયાકાંઠાના વિસ્તાર અને કેટલાક અંતરિયાળ વિસ્તારોમાં ડિપ્રેશન નબળું પડતા વરસાદ પડયો હતો. ભારે વરસાદની આગાહીને પગલે રાજ્યના કેટલાક જિલ્લાઓની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી. ચેન્નાઈ, તિરુવલ્લુર, ચેન્ગાલપટ્ટુ અને કાંચીપુરમ જિલ્લાઓમાં પણ વરસાદ પડયો હતો. શ્રીલંકામાં ભયાનક દિતવાહ વાવાઝોડાને કારણે ૬ અબજ ડોલરથી સાત અબજ ડોલરનું નુકસાન થયું હોવાનો અંદાજ વ્યકત કરવામાં આવ્યો છે. જે શ્રીલેકાનાં કુલ જીડીપીનાં ૩ થી ૫ ટકા થાય છે. આ વાવાઝોડાને કારણે અત્યાર સુધીમાં ૪૬૫ લોકોનાં મોત થયા છે અને ૩૬૬ લોકો હજુ પણ લાપતા છે. આવશ્યક વસ્તુઓનાં કમિશનર જનરલ પ્રભાત ચંદ્રકિર્તીએ જણાવ્યું હતું કે વાવાઝોડાની અસર ૨૫ જિલ્લાઓમાં જોવા મળી છે.

## ૭૧ વર્ષની ઉંમરે મેં માતાપિતાનું સ્વપ્ન પૂર્ણ કર્યુંઃ કમલ હાસન

**(GNS)** મુંબઈ,

અભિનેતા કમલ હાસને તાજેતરમાં કેરળમાં હોર્ટસ આર્ટ એન્ડ લિટરેચર ફેસ્ટિવલમાં હાજરી આપી હતી. તેમણે અભિનેત્રી મંજુ વોરિયર સાથે એક ખાસ સત્રમાં ભાગ લીધો હતો, જ્યાં બંનેએ સિનેમાથી લઈને રાજકારણ સુધીના વિવિધ વિષયો પર ખુલીને વાત કરી હતી. સત્ર દરમિયાન, જ્યારે એન્કરે તેમને પૂછ્યું કે તાજેતરમાં રાજ્યસભાના સાંસદ બન્યા પછી તેમને કેવું લાગ્યું, ત્યારે કમલનો જવાબ હૃદયદ્રાવક હતો. કમલ હાસને કહ્યું કે જે ક્ષણે તેઓ સાંસદ બન્યા, તેમને તેમના માતાપિતા, ડી. શ્રીનિવાસન આયંગર અને રાજલક્ષ્મી યાદ આવ્યા. તેમણે કહ્યું, "જ્યારે હું સહી કરવા જતો ત્યારે મારા મનમાં સૌથી પહેલા મારા પિતા અને માતા આવતા. હું સ્કૂલ ડ્રોપઆઉટ હતો. મારી માતા હંમેશા કહેતી કે જો મેં ઓછામાં ઓછું એસએસએલસી પરીક્ષા પાસ કરી હોત, તો મને રેલ્વેમાં સરકારી નોકરી મળી હોત.કમલે વધુમાં સમજાવ્યું કે ૭૧ વર્ષની ઉંમરે તેમણે તેમના માતાપિતાનું સ્વપ્ન પૂર્ણ કર્યું. તેઓ એટલા ભાવુક હતા કે તેમની ઈચ્છા હતી કે તેઓ તેમને ફોન કરીને કહી શકે કે તેમને આખરે સરકારી નોકરી મળી ગઈ છે.તેમણે કહ્યું, "૭૦ વર્ષ પછી, જ્યારે હું અંદર ગયો, સહી કરી અને મારું ભથ્થું મેળવ્યુ,

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ (મો.૭૯૮૪૮૩૬૩૭૧)

પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

શ્રેણીમાં ૧-૧ની બરાબરી કરી

# હાઈસ્કોરિંગ મેચમાં દક્ષિણ આફ્રિકાનો ચાર વિકેટે વિજય

**એઈડન માર્કરમની આક્રમક સદી ઉપરાંત બ્રીટ્ઝકે અને બ્રેવિસની ફિફ્ટીની મદદથી પ્રવાસી ટીમે ૪૯.૨ ઓવરમાં જ ભારતનો ૩૫૯ રનનો ટારગેટ છ વિકેટે સરળતાથી પાર કર્યો**

રાયપુર,

દક્ષિણ આફ્રિકાએ ભારત સામેની બીજી વન-ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં લડાયક મિજાજ બતાવ્યો હતો. એઈડન માર્કરમની આક્રમક સદી ઉપરાંત બ્રીટ્ઝકે અને બ્રેવિસની ફિફ્ટીની મદદથી પ્રવાસી ટીમે ૪૯.૨ ઓવરમાં જ ભારતનો ૩૫૯ રનનો ટારગેટ છ વિકેટે સરળતાથી પાર કરી લીધી હતો. હાઈસ્કોરિંગ મેચમાં ભારતીય બોલર્સને ભેજનું પરિબળ નડ્યું હતું અને સાથે જ નબળી ફિલ્ડિંગ પણ ભારત માટે પરાજયનું કારણ સાબિત થઈ હતી.ભારતે અગાઉ વિરાટ કોહલીના ૧૦૨ તથા ઋતુરાજ ગાયકવાડના ૧૦૫ રનની ધમાકેદાર ઈનિંગ્સની મદદથી નિર્ધારિત ઓવરમાં પાંચ વિકેટે ૩૫૮ રનનો મજબૂત સ્કોર રજૂ કર્યો હતો. પ્રસિદ્ધ ક્રિષ્ના સહિતના ભારતીય બોલર્સ નિસ્તેજ જણાયા હતા અને મહત્વના સમયે વિકેટ ના ઝડપી શકતા કોહલી અને ઋતુરાજની સદી પણ પાણી ફરી વળ્યું હતું. જવાબમાં દક્ષિણ આળિકાએ માર્કરમની ૯૮ બોલમાં ૧૧૦ રનની લડાયક સદીના સહારે ભારતની ધરતી પર ભારત સામે રમતા ઓસ્ટ્રેલિયા સાથે સંયુક્ત બીજો સર્વાધિક વન-ડે લક્ષ્યાંક ચેઝ કરવાનો રેકોર્ડ સ્થાપ્યો હતો. રાયપુરમાં ભારત અને દ. આફ્રિકાની ટીમોએ સંયુક્ત ૭૨૦ રન નોંધાવ્યા હતા જે બંને ટીમો વચ્ચે વન-ડેમાં સર્વાધિક કુલ રન થયા છે. દક્ષિણ આફ્રિકાએ બીજી વન-ડેમાં ચાર વિકેટે જીત મેળવીને સિરીઝમાં ૧-૧ની બરાબરી કરી હતી. શ્રેણીની અંતિમ વન-ડે છઠ્ઠી ડિસેમ્બરે વિશાખાપટ્ટનમમાં રમાશે. આફ્રિકાએ શરૂઆતમાં ફોર્મ વિહોણા ઓપનર ક્વિન્ટન ડી કોક (૮)ની વિકેટ ગુમાવી હતી. ત્યારબાદ માર્કરમનો સાથ દેવા સુકાની ટેમ્બા બવુમા ત્રીજા ક્રમે ઉતર્યો હતો. બંને વચ્ચે બીજી વિકેટ માટે ૧૦૧ રનની ભાગીદારી થઈ હતી. આ ભાગીદારીના સહારે આફ્રિકા જીતનો પાયો નાંખી શક્યું હતું. એઈડન માર્કરમે ૧૦ ચોગ્ગા તથા ચાર છગ્ગા સાથે ૧૧૦ રન ફટકાર્યા હતા. બવુમા ૪૬ રનના વ્યક્તિગત સ્કોર પર આઉટ થયો હતો. મેથ્યુ બ્રીટ્ઝકે સાતત્યપૂર્વક બેટિંગ કરીને ૬૪ બોલમાં ૬૮ રનનું યોગદાન આપ્યું હતું. તેણે માર્કરમ સાથે ચોથી વિકેટ માટે ૭૦ રન જોડ્યા હતા. ૩૦મી ઓવરમાં હર્ષિત રાણાએ માર્કરમને ગાયકવાડના હાથે કેચ આઉટ કરાવ્યો પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું. ડેવાલ્ડ બ્રેવિસની તોફાની ફિફ્ટી (૩૪ બોલમાં ૫૪)ના સહારે આફ્રિકા જીતની નજીક પહોંચી ગયું હતું. ટોની ઝોર્ઝી ૧૧ બોલમા ૧૭ રન કર્યા અને પગના સ્નાયુ ખેંચાતા રિટાયર્ડ હર્ટ થયો હતો. કોર્બિન બોશે (૨૯★) વિજયી ચોગ્ગો ફટકાર્યો હતો. મહારાજ સામે છેડે ૧૦ રન કરીને અણનમ રહ્યો હતો. ભારત તરફથી પ્રસિદ્ધ ક્રિષ્નાએ ૮.૨ ઓવરમાં ૮૫ રન આપ્યા હતા અને બે વિકેટ ઝડપી હતી.અર્શદીપે પણ બે વિકેટ લીધી હતી. હર્ષિત રાણા તથા કુલદીપને એક વિકેટ મળી હતી. ભારતીય ફિલ્ડર્સે આફ્રિકાના બેટ્સમેનને અનેક તક આપી હતી જે ભારે પડી હતી. જયસ્વાલે કુલદીપની ઓવરમાં બાઉન્ડ્રી પર માર્કરમનો કેચ છોડ્યો હતો. તે વખતે માર્કરમ ૫૩ રન પર રમતો હતો.માર્કરમે ભારત વિરુદ્ધ પ્રથમ અને એકંદરે ચોથી વન-ડે સદી ફટકારીને આફ્રિકાને જીત તરફ દોરી ગયો હતો.ટોસ જીતીને આફ્રિકાએ ભારતને પ્રથમ બેટિંગનું નિમંત્રણ આપ્યું હતું. ભારતે પ્રારંભમાં રોહિત (૧૪) અને જયસ્વાલ (૨૨)ની વિકેટ ગુમાવી હતી. વિરાટ કોહલીએ ૯૩ બોલમાં સાત ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૧૦૨ રન ફટકાર્યા હતા.

વધતાં જતાં ધ્વનિ પ્રદૂષણને જોતા લેવાયો નિર્ણય

# સુરતમાં હવે સિગ્નલ પર હોર્ન વગાડશો તો થશે દંડ

(SSS) સુરત,

સુરતમાં હોર્ન વગાડવા પર દંડનીય કાર્યવાહી થશે. ટ્રાફિક સિગ્નલ પર હોર્ન વગાડશે તો દંડ ફટકારવામાં આવશે. વધતાં જતાં નોઈસ પોલ્યૂશનને ધ્યાને રાખીને સુરત પોલીસ દ્વારા આ નિર્ણય લેવાયો છે. ટ્રાફિક પોલીસની ટીમ તમામ વિસ્તારમાં જનજાગૃતિ માટે પ્લેકાર્ડ લઈને ઉભી રહેશે.

ગુજરાતમાં સૌ પ્રથમવાર સુરત પોલીસ હોર્ન વગાડવા પર દંડ ફટકારવામાં આવશે. સુરતમા ટ્રાફિક સિગ્નલ પર હોર્ન વગાડીને અન્ય વાહનચાલકોને હેરા કરનાર સામે લાલ આંખ કરવામાં આવી છે. સતત નોઈસ પોલ્યુશન વધતા જતા ટ્રાફિક પોલીસે કાર્યવાહી કરવાનું નક્કી કર્યુ છે. હવે ટ્રાફિક સિગ્નલ પર હોર્ન વગાડનારાઓ પાસેથી દંડ વસૂલાશે.

આ માટે સુરત ટ્રાફિક વિભાગ દ્વારા અવેરનેસ કાર્યક્રમ ચલાવાશે. શરૂઆતમાં જનજાગૃતિ માટે પ્લે કાર્ડ લઈ વિવિધ ટ્રાફિક જંકશન પર ઉભા રહેશે. બાદમાં ૫૦૦ થી લઈ ૧૦ હજાર સુધીનો દંડ વસૂલવામાં આવશે. જોરશોરથી હોર્ન વગાડનારા સામે લાલ આંખ કરી દંડાત્મક કાર્યવાહી કરાશે તેવું ટ્રાફિક એસીપી એસ. આર. ટંડેલે જણાવ્યું. સુરત શહેરમાં ટ્રાફિક નિયમો મુદ્દે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે, શહેરમાં ગત પાંચ દિવસમાં વિવિધ ટ્રાફિક નિયમોના ભંગ બદલ કુલ ૯,૭૫૩ કેસો કરવામાં આવ્યા છે જેમાં સ્થળદંડ તેમજ ઈ-ચલણની કાર્યવાહી કરાઈ હતી. શહેર વિસ્તારમાં બનતા પ્રાણઘાતક અકસ્માતોમાં નોંધપાત્ર ઘટાડો લાવવા તેમજ ટ્રાફિક નિયમનનાં સુચારુ સંચાલન માટે શહેર પોલીસ કમિશ્નર તથા સંયુક્ત પો.કમિશ્નર(ટ્રાફિક)ના માર્ગદર્શન મુજબ તા.૨૮/૧૧/૨૦૨૫થી તા.૦૨/૧૨/૨૦૨૫ દરમિયાન પાંચ દિવસમાં શહેરમાં સ્પેશિયલ ડ્રાઈવ યોજાઈ હતી. આ ડ્રાઈવ અંતર્ગત સુરત શહેર ટ્રાફિક શાખા દ્વારા રોંગ સાઈડ વાહન ચલાવતા વાહન ચાલકો, હેલ્મેટ વગર, ઑવર-સ્પીડીંગ, ટ્રાફિક-સિગ્નલ ભંગ કરતા વાહન-ચાલકો તથા ટ્રાફિકના અન્ય નિયમોના ભંગ બદલ સ્થળદંડ તેમજ ઈ-ચલણનો માધ્યમથી કુલ ૯,૭૫૩ કેસો કરવામાં આવ્યા હતા.

પુતિનના પ્રવાસ પહેલા રાહુલ ગાંધીનો આરોપ

# વિદેશી મહેમાન આવે તો અમને મળવા નથી દેતા

## લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર ગંભીર આરોપ લગાવ્યો છે, જેણે રાજકીય ભૂકંપ સર્જી નાખ્યો છે



(SSS) નવી દિલ્હી

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન ૪-૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ભારતના પ્રવાસે છે ત્યારે તે પહેલા જ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મોદી સરકાર પર એક મોટો આરોપ લગાવ્યો છે. તેમણે દાવો કર્યો કે સરકાર વિપક્ષના નેતાઓને કોઈ પણ વિદેશી પ્રતિનિધિમંડળ કે મહેમાનને મળવા દેતી નથી. જે લોકતંત્ર માટે ખતરનાક પરંપરા છે. રાહુલે કહ્યું કે અટલ બિહારી વાજપેયી અને મનમોહનસિંહના સમયમાં આવા કોઈ પ્રતિબંધ નહતા, જ્યારે વિપક્ષના નેતા (LoP)ને પણ વિદેશી મહેમાનોને મળવાની તક મળતી હતી. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે જ્યારે તેઓ પોતે વિદેશ પ્રવાસ પર જાય છે, તો સરકાર તેમને રોકે છે જે સરકારની અસુરક્ષા દર્શાવે છે. ન્યૂઝ એજન્સી એએનઆઈ સાથે વાતચીતમાં કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં નેતા વિપક્ષ રાહુલ ગાંધીએ કહ્યું કે, જે પણ બહારથી આવે છે, તેમની નેતા વિપક્ષ સાથે બેઠક થાય છે, આ પરંપરા રહી છે...પરંતુ આજકાલ એવું થાય છે કે વિદેશી ગણમાન્ય વ્યક્તિ આવે છે કે જ્યારે હું ક્યાય બહાર જઉ છું તો સરકાર તેમને સૂચન આપે છે કે નેતા વિપક્ષને ન મળવું જોઈએ...તો આ તેમની (સરકાર)ની નીતિ છે...આવું દર વખતે કરે છે...સંબંધ તો બધાની સાથે છે...ફક્ત સરકાર પ્રતિનિધિત્વ નથી કરતી, અમે પણ હિન્દુસ્તાનનું પ્રતિનિધિત્વ કરીએ છીએ. સરકાર નથી ઈચ્છતી કે વિપક્ષના લોકો બહારના લોકોને મળે. કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ આ મુદ્દે કડક પ્રતિક્રિયા આપી. તેમણે કહ્યું કે વિપક્ષના નેતાને પુતિનને ન મળવા દેવા તે સારી પરંપરા નથી. આ અસુરક્ષાના ભાવથી પ્રેરિત છે. પ્રિયંકાએ ભારપૂર્વક કહ્યું કે વિપક્ષ દેશનો હિસ્સો છે અને વિદેશી મહેમાનો જોડે તેમની મુલાકાત લોકતાંત્રિક મૂલ્યોને મજબૂત કરે છે. કેન્દ્રીય રાજ્ય મંત્રી રામદાસ આઠવલેએ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રાના આરોપો ફગાવી દીધા. તેમણે કહ્યું કે આવી કોઈ વાત નથી. જો વિપક્ષના નેતા કોઈ વિદેશી નેતાને મળવા માંગતા હોય તો એપોઈન્ટમેન્ટ લઈને મળી શકે છે. આઠવલેએ તેને રાજકીય સ્ટંટ ગણાવતા કહ્યું કે કોઈને રોકતી નથી, પરંતુ પ્રોટોકોલનું પાલન થાય છે. પુતિનનો આ પ્રવાસ ૨૦૨૨ના યુક્રેન સંઘર્ષ બાદ તેમનો પહેલો ભારત પ્રવાસ છે. તેમાં પીએમ મોદી સાથે દ્વિપક્ષીય બેઠક, રક્ષા ડીલ ( જેમ કે બ્રહ્મોસ મિસાઈલ અને એસ-૪૦૦ સિસ્ટમ), ઓઈલ વેપાર, અને શ્રમિક ગતિશિલતા કરાર પર ફોકસ રહેશે.

પાન મસાલા અંગે સરકારે લીધો મોટો નિર્ણય

# પાન મસાલા પેકેટ ગમે તેટલું નાનું હોય કે મોટું તેણે MRP છાપવી પડશે

## પાન મસાલા પેકેટ છૂટક વેચાણ કિંમત અને કાનૂની મેટ્રોલોજી નિયમો, ૨૦૧૧ હેઠળ જરૂરી અન્ય તમામ માહિતી છાપવી પડશે

(SSS) નવી દિલ્હી

સરકારે પાન મસાલા પેકેટ અંગે કેટલાક નિયમો બનાવ્યા છે. આનાથી ગ્રાહકો અને સરકાર બંનેને ફાયદો થશે. આ નિયમો ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી અમલમાં આવશે. જો તમે પાન મસાલાનું સેવન કરો છો, તો આ સમાચાર તમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. સરકારે પાન મસાલા પેકેટ અંગે એક મોટો નિર્ણય લીધો છે. હવેથી, પાન મસાલા પેકેટ ગમે તેટલું નાનું હોય કે મોટું, તેણે MRP (MRP), એટલે કે છૂટક વેચાણ કિંમત અને કાનૂની મેટ્રોલોજી નિયમો, ૨૦૧૧ હેઠળ જરૂરી અન્ય તમામ માહિતી છાપવી પડશે. આ નિયમ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી અમલમાં આવશે.

ગ્રાહક બાબતોના વિભાગે કાનૂની મેટ્રોલોજી (પેકેજ્ડ કોમોડિટીઝ) બીજા (સુધારા) નિયમો, ૨૦૨૫ ને સૂચિત કર્યું છે. ગ્રાહક મંત્રાલયે જણાવ્યું હતું કે આ સુધારેલા નિયમો ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી અમલમાં આવશે. ત્યારથી, બધા પાન મસાલા ઉત્પાદકો, પેકર્સ અને આયાતકારોએ આ નિયમોનું સંપૂર્ણ પાલન કરવું પડશે.

પહેલાં, નાના પેકેટો, જેમ કે ૧૦ ગ્રામ કે તેથી ઓછા વજનવાળા પેકેટો પર MRP છાપવાનું ફરજિયાત નહોતું. જો કે, હવે આ નાના પેકેટો પર પણ MRP છાપવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. વધુમાં, બધા પાન મસાલા પેકેટોમાં કાનૂની મેટ્રોલોજી નિયમો, ૨૦૧૧ હેઠળ જરૂરી બધી માહિતી દર્શાવવી આવશ્યક છે. સૂચના અનુસાર, નિયમ 26(a) હેઠળ અગાઉની મુક્તિ, જે નાના પાન મસાલા પેકેટોને ચોક્કસ માહિતી પ્રદર્શિત કરવાથી મુક્તિ આપતી હતી, તેને દૂર કરવામાં આવી છે. તેના સ્થાને, પાન મસાલા માટે એક નવો ચોક્કસ નિયમ ઉમેરવામાં આવ્યો છે.

પાન મસાલા પર GST યોગ્ય રીતે લાગુ કરવા માટે બધા પેકેટો પર MRP છાપવું જરૂરી છે. આ GST MRP પર આધારિત છે. આ GST કાઉન્સિલના નિર્ણયોના અમલીકરણને સરળ બનાવશે. બધા પેકેટો, તેમના કદને ધ્યાનમાં લીધા વિના, સચોટ ગણતરી અને એકત્રિત કરી શકાશે.

મંત્રાલય જણાવે છે કે આ ફેરફારથી ગ્રાહકોને ઘણો ફાયદો થશે. કિંમતની માહિતી હવે દરેક કદના પેકેજ પર સ્પષ્ટ રીતે પ્રદર્શિત થશે. આ નાના પેકેજો પર ખોટી અથવા ગેરમાર્ગે દોરનારી કિંમતોની શક્યતાને દૂર કરશે. ગ્રાહકો માહિતીપૂર્વક ખરીદી કરી શકશે.

હાલમાં, પાન મસાલા અને તમાકુ પર ૨૮% GST વસૂલવામાં આવે છે. આ ઉપરાંત, વિવિધ દરે વળતર ઉપકર પણ વસૂલવામાં આવે છે. આ વળતર ઉપકર ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી ચાર વર્ષ માટે લંબાવવામાં આવ્યો હતો. આ ઉપકરમાંથી એકત્રિત કરાયેલા નાણાંનો ઉપયોગ કેન્દ્ર સરકાર દ્વારા COVID-19 દરમિયાન રાજ્યોને GSTના મહેસૂલ નુકસાનની ભરપાઈ કરવા માટે લેવામાં આવેલી લોન ચૂકવવા માટે કરવામાં આવી રહ્યો છે.

ઝંડા ચોકથી માણેકચોકનો ગૌરવ પંથ રોડ ખુલ્લો કરાયો

# છોટા ઉદેપુર નગરપાલિકાનું દબાણ હટાવ અભિયાન

(GNS) છોટા ઉદેપુર,

છોટા ઉદેપુર નગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિક અને રાહદારીઓને અડચણરૂપ બનતા દબાણો દૂર કરવાની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. નગરપાલિકાના કર્મચારીઓ અને પોલીસની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને શહેરના મુખ્ય વિસ્તારમાં રસ્તાઓ ખુલ્લા કરાવ્યા છે. આ દબાણ હટાવ ઝુંબેશમાં ખાસ કરીને શહેરના મુખ્ય માર્ગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. નગરપાલિકાએ ઝંડા ચોકથી માણેકચોક સુધીના 'ગૌરવ પંથ' રોડ પર બંને સાઈડના રસ્તાઓને દબાણમુક્ત કર્યા છે. આ માર્ગ પર લારી-ગલ્લા, શાકભાજીના વેપારીઓ અને મરી-મસાલા વેચતા વેપારીઓએ કરેલા દબાણો હટાવવામાં આવ્યા હતા. દબાણ હટાવવાની કામગીરી દરમિયાન નગરપાલિકાએ નાના વેપારીઓ અને પથારાવાળાઓને રાહત આપતા વૈકલ્પિક વ્યવસ્થા પણ પૂરી પાડી છે. લારી-ગલ્લા અને અન્ય પથારાવાળાઓને જીઈબી કમ્પાઉન્ડમાં વૈકલ્પિક જગ્યાએ બેસાડવામાં આવ્યા છે. આનાથી વેપારીઓનો ધંધો ચાલુ રહી શકે અને મુખ્ય માર્ગ પરની અડચણ પણ દૂર થાય.

નગરપાલિકાના કર્મચારીઓ અને પોલીસ દ્વારા સંકલન કરીને આ સમગ્ર કામગીરી શાંતિપૂર્ણ રીતે પાર પાડવામાં આવી હતી, જેથી શહેરીજનોને ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળી શકે. નગરપાલિકા-પોલીસની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને શહેરના મુખ્ય વિસ્તારમાં રસ્તાઓ ખુલ્લા કરાવ્યા.

ત્રીજા દિવસે પણ મુસાફરો રઝળી પડ્યા

# ૨૫૦થી વધુ ફ્લાઈટ રદ થતા એરપોર્ટ પર અફરાતફરીનો માહોલ

## દેશના સૌથી મોટા શહેરો દિલ્હી, મુંબઈ, હૈદરાબાદ, અમદાવાદ અને બેંગલુરુ એરપોર્ટ પર અફરાતફરીના માહોલ છે

(SSS) નવી દિલ્હી

દેશના સૌથી મોટા શહેરો દિલ્હી, મુંબઈ, હૈદરાબાદ, અમદાવાદ અને બેંગલુરુ એરપોર્ટ પર અફરાતફરીના માહોલ છે. ત્રણ દિવસમાં લગભગ ૪૦૦ ઈન્ડિગો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. હજારો મુસાફરો ૧૨ કલાકથી એરપોર્ટ પર રાહ જોઈ રહ્યા છે, તેમના ગંતવ્ય સ્થાનો પર ફ્લાઈટ્સ માટે વિનંતી કરી રહ્યા છે. ગુરુવારે, દિલ્હીથી ૩૦ ઈન્ડિગો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. હૈદરાબાદમાં પણ ૩૩ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી, જેના કારણે બેંગલુરુમાં કુલ ફ્લાઈટ્સ ૭૩ થઈ ગઈ છે. દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોએ આ કટોકટીનું મુખ્ય કારણ સ્ટાફની અછત ગણાવી છે. જોકે, સતત ત્રીજા દિવસે આવી કટોકટીએ એરપોર્ટ પર અફરાતફરીનો માહોલ સર્જી દિધો છે. હવાઈ મુસાફરો કહે છે કે કોઈ પણ માહિતી આપવાની સ્થિતિમાં નથી. બેંગલુરુ એરપોર્ટના અધિકારીઓ કહે છે કે ૭૩ ઈન્ડિગો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. મુંબઈ એરપોર્ટ પણ હજારો મુસાફરોથી ભરેલું છે. જ્યારે પૂછવામાં આવે છે, ત્યારે મુસાફરોને ફક્ત ૧-૨ કલાક રાહ જોવાનું કહેવામાં આવે છે. આ લાચારી અને ચિંતામાં હવાઈ મુસાફરોએ એરપોર્ટ પર ૧૨-૧૪ કલાક વિતાવ્યા છે. બુધવારે (૩ ડિસેમ્બર) પરિસ્થિતિ ગંભીર રહી, દિલ્હી, મુંબઈ, હૈદરાબાદ અને બેંગલુરુ સહિતના અનેક એરપોર્ટ પર બપોર સુધીમાં લગભગ ૨૦૦ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી. ગુરુવારે (૪ ડિસેમ્બર) ૧૭૦ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી. ૨ ડિસેમ્બર (મંગળવાર) ના રોજ, ફક્ત ૩% ઈન્ડિગો ફ્લાઈટ્સ સમયસર રવાના થઈ શકી. ૩ ડિસેમ્બરના રોજ, ફક્ત ૨૦% ઈન્ડિગો ફ્લાઈટ્સ રવાના થઈ શકી. એરલાઈન દરરોજ ૨,૨૦૦ થી વધુ ફ્લાઈટ્સનું સંચાલન કરે છે. બાળકો અને મહિલાઓ સાથેના હવાઈ મુસાફરો એરપોર્ટ પર રાહ જોઈને હતાશ થઈ ગયા છે. એક મુસાફર ૧૫ કલાકથી હૈદરાબાદ એરપોર્ટ પર ફસાયેલ છે. તેમણે કહ્યું, "હું ૩ ડિસેમ્બરે સાંજે ૬ વાગ્યે પહોંચ્યો અને ૪ ડિસેમ્બરે રાત્રે ૯ વાગ્યા સુધી ફ્લાઈટનો કોઈ સંકેત નથી."

અમેરિકન પ્રતિનિધિઓ સાથેની બેઠક બાદ બોલ્યા પુતિન

# યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવા માટે વાતચીત એક મુશ્કેલ કામ

## અમેરિકાએ ૨૮ સૂત્રીય શાંતિ પ્રસ્તાવ રજૂ કર્યો છે, જેમાંના કેટલાક જોગવાઈઓ પર રાષ્ટ્રપ્રમુખ પુતિનને વાંધો છે

(GNS) મોસ્કો

રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ સમાપ્ત કરવા માટે મોસ્કોમાં રશિયન અધિકારીઓ અને અમેરિકન અધિકારીઓ વચ્ચે પાંચ કલાક સુધી બેઠક યોજાઈ હતી. બેઠક બાદ રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને કહ્યું છે કે, 'રશિયા-યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવા માટે અમેરિકી અધિકારીઓ સાથે થયેલી વાતચીત જરૂરી અને કામની હતી, પરંતુ યુદ્ધ સમાપ્ત કરવું એક મુશ્કેલ કામ છે.' મોસ્કોમાં અમેરિકી પ્રતિનિધિઓ તરફથી જેરેડ કુશનર અને સ્ટીવ વિટકૉફ, જ્યારે રશિયા તરફથી રાષ્ટ્રપ્રમુખ પુતિનના સહયોગી યુરી ઉશાકોવ અને વિશેષ દૂત કિરિલ દિમિત્રિવ સામેલ થયા હતા. બેઠક બાદ યુરી ઉશાકોવે કહ્યું કે, 'હજુ સુધી કોઈ સમજૂતી થઈ નથી. અમેરિકાના કેટલાક પ્રસ્તાવ પર અમે સહમત છીએ, પરંતુ કેટલાક પ્રસ્તાવ અમને સ્વીકાર્ય નથી.'

અમેરિકાએ ૨૮ સૂત્રીય શાંતિ પ્રસ્તાવ રજૂ કર્યો છે, જેમાંના કેટલાક જોગવાઈઓ પર રાષ્ટ્રપ્રમુખ પુતિનને વાંધો છે. આ પ્રસ્તાવ પર યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી પણ અમુક મુદ્દાઓ પર સંમતિ આપી છે, તો અમુક મુદ્દા સંપૂર્ણ ફગાવી દીધા છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રની પહેલ પર આ શાંતિ પ્રયાસોમાં તેજી આવી છે, તેમ છતાં રશિયા અને યુક્રેન વચ્ચેના રેડ લાઈન્સ પ્રસ્તાવોને ઉકેલવા હજુ પણ મુશ્કેલ કાર્ય બની રહેલું છે.

રાષ્ટ્રપ્રમુખ પુતિને અમેરિકી પ્રતિનિધિઓ સાથેની મુલાકાત પહેલાં યુરોપને સીધી ધમકી આપતાં કહ્યું હતું કે, 'અમે યુરોપ સાથે યુદ્ધ કરવા માંગતા નથી, પરંતુ જો યુરોપ યુદ્ધ ઈચ્છે છે, તો અમે તૈયાર છીએ. જો યુરોપ રશિયા સાથે યુદ્ધ શરૂ કરશે, તો એવી સ્થિતિ સર્જાઈ શકે છે જેમાં વાતચીત કરવા માટે કોઈ બચશે નહીં.'

હાલ દેશમાં ૧૩,૮૮,૧૮૫ નોંધાયેલા ડોક્ટર છે

# ભારતમાં ૮૧૧ લોકોની સારવાર માટે માત્ર ૧ ડોક્ટર ઉપલબ્ધ : કેન્દ્ર

(SSS) નવી દિલ્હી,

ભારતમાં વસ્તી અને ડોક્ટરો વચ્ચેનો ગુણોત્તર ૧:૮૧૧ છે એમ કેન્દ્ર સરકારે મંગળવારે સંસદમાં માહિતી આપી હતી. રાજ્યસભામાં પૂછાયેલાં એક પ્રશ્નના લેખિત ઉત્તરમાં આરોગ્ય મંત્રી જે.પી નડ્ડાએ કહ્યું હતું કે હાલ દેશમાં ૧૩,૮૮,૧૮૫ નોંધાયેલા એલોપેથિક ડોક્ટર છે જ્યારે મેડિસીનની આયુષ સિસ્ટમમાં ૭,૫૧,૭૬૮ ડોક્ટરો રજિસ્ટર્ડ છે.આયુષ સિસ્ટમ અને રડિસ્ટ્ર્ડ પ્રેક્ટિસનર્સ એમ બંને કેટેગરીના અંદાજે ૮૦ ટકા ડોક્ટરો હાલ ઉપલબ્ધ છે એવું અનુમાન મુકતા એમ કહી શકાય કે દેશમાં ડોક્ટરો અને વસ્તી વચ્ચેનો ગુણોત્તર ૧ : ૮૧૧નો છે. આરોગ્યમંત્રીના આ નિવેદનનો એમ અર્થ કરી શકાય કે દેશના પ્રત્યેક ૮૧૧ લોકોની સારવાર કરવા ફક્ત ૧ ડોક્ટર ઉપલબ્ધ છે. આરોગ્યમંત્રીએ વધુ માહિતી આપતા કહ્યું હતું કે છેલ્લાં ૧૧ વર્ષમાં દેશમાં મેડિકલ કોલેજની સંખ્યામાં અને અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટ-ગ્રેજ્યુએટની બેઠકોમાં નોંધપાત્ર વધારો થયો છે.

# બાળકોની સુંદરતાથી ઈર્ષ્યાને પગલે મહિલાએ ૪ માસૂમના જીવ લીધા

(SSS) પાણીપત

હરિયાણાના પાણીપતની પૂનમ નામની મહિલાએ સુંદર બાળકો પ્રત્યેની ઈર્ષ્યાને કારણે એક ભયાનક ષડયંત્ર રચ્યું હતું. પોલીસ પૂછપરછમાં તેણે કબૂલ્યું કે, તેને કોઈ બાળક તેના કે તેની દીકરી કરતાં વધુ સુંદર હોય તે સહન થતું નહોતું. આ ઈર્ષ્યાને કારણે, આ કિલર મહિલાએ પોતાના ત્રણ વર્ષના દીકરા સહિત કુલ ચાર માસૂમ બાળકોની હત્યા કરી નાખી. આ મહિલાએ હત્યાની શરૂઆત વર્ષ ૨૦૨૩માં સોનીપતના બોહડ ગામમાં કરી, જ્યાં તેણે પોતાની નણંદની નાની દીકરીને બાથરૂમમાં લઈ જઈને પાણીમાં ડૂબાડી દીધી. પરિવારે આ ઘટનાને અકસ્માત માની લીધો. જોકે, પૂનમને પકડાઈ જવાનો ડર હતો, તેથી શંકા ન જાય તે માટે તેણે પોતાના જ ત્રણ વર્ષના દીકરાને પણ એ જ રીતે પાણીમાં ડૂબાડીને મારી નાખ્યો અને પછી પાગલોની જેમ રડવાનો ઢોંગ કર્યો. વર્ષ ૨૦૨૫માં તેણે ફરી આ જ પદ્ધતિ અપનાવી અને આ વખતે તેના પિયરમાં રહેતી તેના ભાઈની દીકરી એટલે કે ભત્રીજીને નિશાન બનાવી, જેની સુંદરતા તેના માટે ઈર્ષ્યાનું કારણ બની હતી. આ સીરિયલ કિલરના ભયાનક ઈરાદાઓ ૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ પાણીપતના નૌલ્થા ગામમાં એક લગ્ન સમારોહ દરમિયાન બહાર આવ્યા. પૂનમે જેઠાણીની ૬ વર્ષની દીકરી વિધિને ટબમાં રમવાનું કહીને તેનું માથું પાણીમાં દબાવી દીધું. જોકે, આ વખતે પૂનમનું નસીબ તેની સાથે નહોતું. જ્યારે બાળકીનો મૃતદેહ મળ્યો, ત્યારે તપાસમાં જાણવા મળ્યું કે ટબ માત્ર એક ફૂટનું હોવા છતાં બાળકીના પગ બહાર હતા અને માથું પાણીમાં હતું. આ વિસંગતતાને કારણે શંકાની સોય સીધી પૂનમ પર અટકી. પોલીસે ૩૬ કલાકની પૂછપરછ બાદ પૂનમ પાસેથી આ ચારેય ક્રૂર હત્યાઓના રહસ્યો જાણી લીધા. પૂનમે કબૂલ્યું કે, મને દરેક હત્યા બાદ ખુશ થતી હતી, જે મારા માટે એક જીત સમાન હતી.


## પશ્ચિમ રેલ્વે - અમદાવાદ

**વિવિધ મોટા પુલોનું બાંધકામ**

ઈ- ટેન્ડર નંબર DyCE-C-V-NLY-JAKHAU-03 તારીખ: 03.12.2025
ભારત સંઘના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી ડે. ચીફ એન્જીનીયર
(C)V અમદાવાદ નીચેના કામ માટે ઇ-ટેન્ડર મંગાવી રહ્યા છે :
(1) ઇ-ટેન્ડર નંબર DyCE-C-V-NLY-JAKHAU-03

(2) કામનું નામ: પશ્ચિમ રેલ્વે પર અમદાવાદ ડિવિઝનના નલિયા-જખાઉ પોર્ટ સેક્શન વચ્ચે નવી BG લાઇનના સંબંધમાં નલિયાથી જખાઉ વચ્ચેના કામને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે જરૂરી વિવિધ મુખ્ય પુલોનું બાંધકામ, જેમાં પિચિંગ, ટોઈ વોલ, ફ્લોર પ્રોટેક્શન અને અન્ય વિવિધ કામો શામેલ છે.

(3) આશરે કામનો ખર્ચ: ₹ 164,24,01,793.42

(4) બિડ સિક્યોરિટી: ₹ 83,62,000.00

(5) ટેન્ડરનો પ્રકાર: બે પેકેટ સિસ્ટમ

(6) પૂર્ણતાનો સમયગાળો: 15 મહિના (પંદર) મહિના ચોમાસા સહિત.

(7) બંધ થવાનો સમય અને તારીખ: 24.12.2025 બપોરે 15:00 કલાકે.

(8) ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: તા. 24.12.2025 ના રોજ બપોરે 15:00 કલાકે.

(9) વેબસાઇટ વિગતો નોટિસ બોર્ડ સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું: પાત્રતા માપદંડો સહિત ટેન્ડરની સંપૂર્ણ વિગતો પશ્ચિમ રેલ્વે વેબસાઇટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ડેપ્યુટી ચીફ એન્જિનિયર (C)V, ઓફિસ, નિર્માણ ભવન, પહેલો માળ, GCS હોસ્પિટલ સામે., નરોડા રોડ, DRM ઓફિસ પાસે, અમદાવાદ: 382345 કોઈપણ સ્પષ્ટતાના કિસ્સામાં પેઢી ઉપરોક્ત ઓફિસમાં કામકાજના કલાકો દરમિયાન રૂબરૂ અથવા ઓફિસના મોબાઇલ નંબર 9724093252 પર સંપર્ક કરી શકે છે.

CPM 088

અમને લાઈક કરો: facebook.com/WesternRly અમને ફોલો કરો: twitter.com/WesternRly

### ૬૭ વર્ષીય નિવૃત્ત નાગરિક ફરી એકવાર સુનિયોજિત સાયબર ફ્રોડનો શિકાર બન્યા

# અમદાવાદમાં વરિષ્ઠ નાગરિકે ડિજિટલ અરેસ્ટ કૌભાંડમાં ૧૫.૨ લાખ ગુમાવ્યા

## વોટ્સએપ વીડિયો કોલ્સ અને બનાવટી દસ્તાવેજો દ્વારા નિશાન બનાવાયા હતા, આ દસ્તાવેજો પર કથિત રીતે ED અને સુપ્રીમ કોર્ટના લોગો હતા

અમદાવાદ

અમદાવાદના ૬૭ વર્ષીય નિવૃત્ત નાગરિક ફરી એકવાર સુનિયોજિત સાયબર ફ્રોડનો શિકાર બન્યા છે. મુંબઈ પોલીસના વરિષ્ઠ અધિકારીઓ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના અધિકારીઓ તરીકે ઓળખ આપીને ઠગબાજોએ તેમને ડિજિટલ એરેસ્ટને ધરપકડની ધમકી આપી હતી. આ લોકોએ તેમના પર આતંકવાદને ભંડોળ પૂરું પાડવાનો આરોપ લગાવ્યો હતો. બાદમાં તેમને ખોટા 'વેરિફિકેશન' માટે પૈસા ટ્રાન્સફર કરવા મજબૂર કર્યા હતા, જેમાં નિવૃત્ત નાગરિકે ૧૫.૨ લાખ ગુમાવ્યા છે. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIR મુજબ, અમદાવાદમાં ન્યૂ ગુંજન વિસ્તારમાં પત્ની સાથે રહેતા નિવૃત્ત નરેશભાઈ શાહને ૨૮ નવેમ્બરથી ૨ ડિસેમ્બર દરમિયાન ફોન કોલ્સ, વોટ્સએપ વીડિયો કોલ્સ અને બનાવટી દસ્તાવેજો દ્વારા નિશાન બનાવાયા હતા. આ દસ્તાવેજો પર કથિત રીતે ED અને સુપ્રીમ કોર્ટના લોગો હતા. ૨૮ નવેમ્બરની મધ્યરાત્રિ બાદ નરેશભાઈને પહેલીવાર એક વ્યક્તિનો કોલ આવ્યો, જેણે પોતાની ઓળખ મુંબઈ પોલીસમાં ફરજ બજાવતા IPS સંદીપ રોય આપી હતી. તેણે દાવો કર્યો કે, નરેશભાઈ શાહનો આધાર નંબર બંગાળમાં 'એક ઈસ્લામિક સંગઠન પર દરોડા'ની કાર્યવાહીમાં મળ્યો છે, જેનો ઉપયોગ મની લોન્ડરિંગ અને આતંકવાદને ભંડોળ પૂરું પાડવા માટે થયો છે. આમ કહીને ઠગબાજે વોટ્સએપ વીડિયો કોલમાં પોલીસ યુનિફોર્મમાં દેખાઈને વિશ્વાસ કેળવી લીધો હતો. ત્યારપછી તેણે નરેશભાઈ અને તેમના પત્નીના લાઈવ ફોટાની માંગણી કરી અને અબ્દુલ રહીમ નામના શંકાસ્પદ વ્યક્તિ પાસેથી કથિત રીતે મળેલા આધાર કાર્ડ, ATM કાર્ડ અને બનાવટી FIR દસ્તાવેજોના ફોટા મોકલ્યા હતા. નરેશભાઈ ગભરાઈ જતાં, તેમને વોટ્સએપ પર અન્ય એક વ્યક્તિ સાથે પરિચય કરાવાયો હતો. તેણે પોતાની ઓળખ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ અધિકારી પ્રદીપ જયસ્વાલ તરીકે આપી હતી. આ બંનેએ ED ના લોગો ધરાવતા નકલી દસ્તાવેજો શેર કર્યા, જેમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ અને મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (PMLA) હેઠળ કાર્યવાહીની ધમકી આપી હતી. આ દરમિયાન ઠગબાજોએ નરેશભાઈ અને તેમના પત્નીને દર બે કલાકે સેલ્ફી મોકલવાનો આદેશ આપ્યો હતો, જેથી 'લાઈવ હાજરી' કન્ફર્મ થઈ શકે. આ સાથે જ, કોઈને પણ આ વાત ન જણાવવાની સખત ચેતવણી આપી હતી. આ દરમિયાન તેમણે સુપ્રીમ કોર્ટ દ્વારા કથિત રીતે ઈસ્યૂ કરાયેલો અને ભારત સરકારના સચિવ કક્ષાના હોદ્દેદાર દ્વારા સહી કરાયેલો એક નકલી દસ્તાવેજ ફોરવર્ડ કર્યો હતો, જેમાં આતંકવાદને ભંડોળ પૂરું પાડવાના કથિત જોડાણો દર્શાવીને તપાસની શરતોનું પાલન કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ સાથે આરોપીઓએ નરેશભાઈની બેંક વિગતો, મિલકતની માહિતી અને અંગત ડેટા પણ મેળવી લીધો હતો. છેવટે, તેમણે નરેશભાઈને જણાવ્યું કે સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ, તેમના બધા પૈસા કાળું નાણું નથી તે નક્કી કરવા માટે વેરિફિકેશન કરવું પડશે. આ માટે તમામ પૈસા એક ખાતામાં ટ્રાન્સફર કરો. જો તે પૈસા કાયદેસર હશે તો પરત આવી જશે. તેમણે ૧ ડિસેમ્બરના રોજ પત્નીના બેંક ખાતામાંથી ૮.૫૦ લાખ અને ૨ ડિસેમ્બરે તેમના બેંક ખાતામાંથી ૬.૭૦ લાખ ટ્રાન્સફર કર્યા હતા. આમ, ઠગબાજોએ પૈસા તપાસ એજન્સીઓ પાસે જમા થયા હોવાનું દર્શાવવા માટે બાર કોડ નંબરો અને સુપ્રીમ કોર્ટના સંદર્ભો સાથે ઈડીની નકલી રસીદો પણ આપી હતી. આ અંગે ત્યારે નરેશભાઈને શંકા જતા તેમણે એક મિત્રની સલાહ લઈને ૨ ડિસેમ્બરે સાયબર ક્રાઈમ હેલ્પલાઈનના નંબર ૧૯૩૦ પર સંપર્ક કર્યો હતો અને ઓનલાઈન ફરિયાદ પણ કરી હતી.

### પાસામાં બંધ ટિકટોક ગર્લને મોટો ઝટકો

# વિવાદોનું બીજું નામ બનેલી કીર્તિ પટેલ સામે વધુ એક ફરિયાદ

## વધુ એક વેપારી અલ્પેશ ડોંડાએ સોશિયલ મીડિયા પર બદનામ કરી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી

(SSS) સુરત

ખંડણીખોર ટિકટોક સ્ટાર કીર્તિ પટેલ પર સુરતની લસકાણા પોલીસે ગુનો દાખલ કર્યો છે. સોશિયલ મીડિયા અને ચર્ચામાં રહેતી પાસામાં બંધ કિર્તી પટેલને મોટો ઝટકો મળ્યો છે. વધુ એક વેપારીએ કીર્તિ પટેલ સામે ફરિયાદ દાખલ કરી. ફરિયાદી અલ્પેશ ડોંડાએ કીર્તિ પટેલ વિરુદ્ધ લસકાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સુરત શહેરની કુખ્યાત ટિકટોક સ્ટાર કીર્તિ પટેલ ઉપર વધુ એક ગુનો દાખલ થયો છે. કીર્તિ પટેલ પર મારામારી, હત્યાનો પ્રયાસ, ખંડણી અને સોશિયલ મીડિયા પર લોકોને બદનામ કરવા જેવી અનેક ફરિયાદો થઈ છે. ત્યારે અલ્પેસ ડોંડાએ કીર્તિ પટેલ સામે ફરિયાદ કરી છે. અલ્પેશ ડોંડાએ કહ્યું કે, મિત્રો સાથે હું ઈન્સ્ટાગ્રામ કોલ પર હતો. ત્યારે




એક મિત્રએ કોલ પર કીર્તિ પટેલ વિશે એલફેલ બોલ્યો હતો. તેના બાદ કીર્તિ પટેલે મને કોલ કરીને બિભત્સ ભાષામાં ધમકીઓ આપવા લાગી હતી અને મારી પત્ની વિશે પણ અભદ્ર ભાષાનો ઉપયોગ કરીને ધમકીઓ આપી હતી. સમગ્ર ઘટના ગત નવેમ્બર મહિનામાં બની હતી. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં કીર્તિ પટેલ સામે નોંધાયેલો આ ૧૦ મો ગુનો છે. એટલુ જ નહિ, સોશિયલ મીડિયામાં વિવાદિત નિવેદનો-હરકતો કરવામાં પણ બદનામ નામચીન કીર્તિ પટેલની તાજેતરમાં પાસા હેઠળ અટકાયત કરાઈ હતી. હનીટ્રેપ-ખંડણીમાં નામચીન કીર્તિ પટેલ સામે પોલીસે પહેલીવખત પાસાનું શસ્ત્ર ઉગામ્યું હતું નવ ગુનાનો ઈતિહાસ ધરાવતી કીર્તિને વડોદરા જેલ ભેગી કરાઈ હતી. ત્યારે હવે તેની સામે દસમો ગુનો નોંધાયો છે. નામચીન કીર્તિ પટેલ સામે સુરત સહિત વિવિધ પોલીસ સ્ટેશનોમાં હવે કુલ ૧૦ ગુના થઈ ગયા છે. તેની મુખ્ય મોડસ ઓપરેન્ડી સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને લોકોને ધમકાવવા અને ખંડણી પડાવવાની છે.

### ૭ ડિસેમ્બરે ઉજવાશે પ્રમુખવર્ણી અમૃત મહોત્સવ

# BAPS સંસ્થા અમદાવાદમાં ઐતિહાસિક કાર્યક્રમનું આયોજન

(SSS) અમદાવાદ,

સનાતન સંસ્કૃતિના ધ્વજવાહક તરીકે જાણીતી વિશ્વભરમાં ૧૨૦૦થી વધુ મંદિરો રચનાર BAPS સંસ્થા આ વર્ષે એક ઐતિહાસિક ક્ષણ ઉજવવા જઈ રહી છે. પ્રમુખ સ્વામી મહારાજે BAPSનું પ્રમુખ પદ સંભાળ્યા તેને ૭૫ વર્ષ પૂર્ણ થતા, અમદાવાદના રિવરફ્રન્ટ પર પ્રમુખવર્ણી અમૃત મહોત્સવનું ગૌરવશાળી આયોજન કરાયું છે. અમદાવાદ ૭ ડિસેમ્બરના ઐતિહાસિક દિવસે સાબરમતીના કિનારે રચાશે ભક્તિનો મહાસાગર. BAPS સંસ્થાના પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજના પ્રમુખપદના ૭૫ વર્ષ પૂર્ણ થવાની ભવ્ય ઉજવણી થવા જઈ રહી છે. આ ભવ્ય, દિવ્ય અને નવ્ય કાર્યક્રમનું નામ છે પ્રમુખવર્ણી અમૃત મહોત્સવ. સાબરમતીના પાણી પર તરતી ૭૫ દિવ્ય હોડીઓ લાખો LED લાઈટ્સની ઝગમગ...અને દરેક હોડી પર ચમકશે એક અમૃત સૂત્ર...ભાગવત, ગીતા, વચનામૃત, રામચરિતમાનસ અને મહાભારતમાંથી પસંદ કરાયેલા ૭૫ જીવન મંત્રો...આ દૃશ્ય જોઈને આંખો અને મન બંને થીજી જશે.મુખ્ય અતિથિ તરીકે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી હાજર રહેશે. BAPSના વર્તમાન વડા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાશે. વિશ્વના ૩૦થી વધુ દેશોમાંથી એક લાખથી વધુ સ્વયંસેવકો અને હરિભક્તો અમદાવાદ પહોંચશે. અમદાવાદ એરપોર્ટ પર ૨૦થી ૩૦ ટકા ટ્રાફિક વધવાની શક્યતા છે. ફ્લાઈટના ભાડામાં રોકેટની જેમ ઉછાળો આવે તો નવાઈ નહીં. ૩૦થી વધુ દેશોમાંથી ૧ લાખથી વધુ સ્વયંસેવકો, હરિભક્તો પહોંચશે. અમદાવાદ એરપોર્ટ પર ૨૦થી ૩૦ ટકા ટ્રાફિક વધવાની શક્યતા છે આ એ જ BAPS સંસ્થા છે...જેણે વિશ્વમાં ૧૨૦૦થી વધુ શિખરબંધ મંદિરો બનાવ્યા...વ્યસનમુક્તિ, પરિવાર એકતા, સમાજસેવા, શિક્ષણ, આરોગ્ય સહિત દરેક ક્ષેત્રમાં અજોડ યોગદાન આપ્યું છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરી જાહેરાત

# ગુજરાતમાં બનશે ૧૦ હજાર નવી આંગણવાડી

## યશોદાથી કમ નથી આંગણવાડી બહેનો : મુખ્યમંત્રી

(SSS) ગાંધીનગર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આગામી ત્રણ વર્ષમાં રાજ્યમાં ૧૦,૦૦૦ નવી આંગણવાડી કેન્દ્રો બનાવવાની મહત્વની જાહેરાત કરી છે. આ જાહેરાત તેમણે આજે ૯ હજાર આંગણવાડી કાર્યકર બહેનોને નિમણૂક પત્રો આપવાના કાર્યક્રમ દરમિયાન કરી હતી. મુખ્યમંત્રીએ પોતાના સંબોધનની શરૂઆત હળવી શૈલીમાં કરતાં જણાવ્યું હતું કે, "આટલી બધી બહેનો બેઠી છે છતાંય એક અવાજ નથી આવતો. આ સૌથી આનંદની વાત છે. કદાચ મોબાઈલ હશે એટલે પણ શાંત બેઠા હશે. અમને ચિંતા થાય કે બહેનો કેમ આટલી બધી શાંત છે." તેમણે નાના ભૂલકાઓના વિકાસમાં આંગણવાડી બહેનોની ભૂમિકાને બિરદાવતા કહ્યું કે, "આંગણવાડી બહેનો માતા યશોદાથી કમ નથી." એટલે જ સરકાર આ બહેનોના સન્માન માટે 'યશોદા એવોર્ડ' પણ આપે છે. આંગણવાડી કેન્દ્રોને હવે પ્રેમથી 'નંદઘર' કહેવામાં આવે છે. મુખ્યમંત્રીએ રાજ્યમાં આંગણવાડીઓની સ્થિતિ અને વિકાસ પર વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, પહેલા આંગણવાડીઓનો અભાવ હતો અને જૂના મકાનો કે મંદિરોમાં ચાલતી હતી. આજે આખા રાજ્યમાં ૫૩ હજાર આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. સરકારનું લક્ષ્ય હવે આવનારા ત્રણ વર્ષમાં બીજા ૧૦ હજાર આંગણવાડી કેન્દ્રો બનાવીને આ સેવાનો વ્યાપ વધારવાનો છે, જેથી વધુમાં વધુ બાળકોને પોષણ અને પ્રારંભિક શિક્ષણ મળી રહે. કાર્યક્રમમાં આજે ૯ હજાર નવી બહેનોને આંગણવાડી કાર્યકર તરીકેના નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીએ આ અંગે જણાવ્યું હતું કે, સરકારે પારદર્શક વહીવટ ના આધારે આ નિમણૂકો કરી છે. તેમણે આંગણવાડી બહેનો તરીકે જોડાય રહેલ તમામ બહેનોને અભિનંદન પાઠવ્યા હતા અને તેમના યોગદાન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ ૧૦ હજાર નવી આંગણવાડીઓની જાહેરાત રાજ્યના લાખો બાળકોના પોષણ અને વિકાસ માટે એક મોટી પહેલ સાબિત થશે.

### નશાકારક સીરપની બોટલો જપ્ત

# પ્રિસ્ક્રિપ્શન વગર નશો વેચતા મેડિકલ સ્ટોર પર દરોડો

(SSS) સુરત,

પ્રિસ્ક્રિપ્શન વગર નશો વેચતા મેડિકલ સ્ટોર પર દરોડો, ઉધનામાં સંચાલકની ધરપકડ, નશાકારક સીરપની બોટલો જપ્ત આ કાર્યવાહીથી સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે નશાના વેપારમાં સંડોવાયેલા કોઈપણ વ્યક્તિને છોડવામાં આવશે નહીં. પોલીસે જપ્ત કરાયેલા સીરપ અને સંચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. સુરત શહેરમાં નશાકારક પદાર્થોના ગેરકાયદેસર વેચાણ સામે પોલીસે કડક કાર્યવાહી શરૂ કરી છે. ઉધના વિસ્તારમાં આવેલા એક મેડિકલ સ્ટોર પર પોલીસે દરોડો પાડીને નશાકારક સીરપના વેચાણ મામલે કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે મેડિકલ સ્ટોરના સંચાલકની ધરપકડ કરી છે અને તેની પાસેથી ૮૧ નશાકારક સીરપની બોટલો જપ્ત કરી છે. આ સંચાલક ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર જ આ સીરપનું વેચાણ કરતો હતો, જે યુવાનોમાં નશા માટે ઉપયોગમાં લેવાય છે. આ કાર્યવાહીથી સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે નશાના વેપારમાં સંડોવાયેલા કોઈપણ વ્યક્તિને છોડવામાં આવશે નહીં. પોલીસે જપ્ત કરાયેલા સીરપ અને સંચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે જપ્ત કરાયેલા સીરપ અને સંચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

### AMC દ્વારા તરજ બ્રિજ બંધ કરવામાં આવ્યો

# અમદાવાદ: સુભાષ બ્રિજનો વચ્ચેનો ભાગ બેસી ગયો

## સમારકામ દરમિયાન ક્ષતિ જણાતા આ બ્રિજને ૫ દિવસ માટે બંધ કરી દીધો હોવાનું સામે આવ્યું છે

(SSS) અમદાવાદ

શહેરમાં આવેલ સુભાષબ્રિજને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. આ બ્રિજને અચાનકથી એએમસી દ્વારા પરિવહન માટે બંધ કરી દેવામાં આવ્યો છે.

બ્રિજના સમારકામમાં ક્ષતિ જણાતા આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. ૫ દિવસ સુધી આ બ્રિજ હવે બંધ રહેવાનો છે. સમગ્ર મામલે છસ્ઝના ઉચ્ચ અધિકારીઓ બ્રિજ પર પહોંચ્યા હતા અને તેમણે નિરીક્ષણ પણ કર્યું હતું.

એવી માહિતી સામે આવી છે કે બ્રિજનો વચ્ચે એક ભાગ બેસી ગયો છે. જેથી સાવચેતીના ભાગ રૂપે આ બ્રિજને બંધ કરી દેલેનાં આવ્યો છે. આવતીકાલે સવારના સમયે ડ્રોન દ્વારા સર્વે હાથ ધરવામાં આવશે. સર્વે બાદ અને બ્રિજની ફિટનેસ પણ ચકાસવામાં આવશે. આ મામલે કમિશનર સરહિતના અધિકારીઓ બ્રિજ પર પહોચ્યા અને તેમણે નિરિક્ષણ પણ કર્યું હતું. સાંજના સમયે અચાનકથી બ્રિજ બંધ કરી દેવામાં આવ્યો જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. બ્રિજ અચાનકથી બંધ કરી દેવાના કારણે ટ્રાફિક જામના દશ્યો પણ સર્જાયા હતા. એએમસી દ્વારા આ મામલે સત્તાવાર જણાવવામાં આવ્યું છે કે ૫ દિવસ માટે બ્રિજને જનતાની અવરજવર માટે બંધ કરી દેવામાં આવ્યો છે. અમદાવાદનો આ બ્રિજ વર્ષો જૂનો છે. જેનું નિર્માણ ૧૯૭૩માં કરવામાં આવ્યું હતું, મુખ્ય વાત એ છે કે પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતો આ એક મહત્ત્વનો બ્રિજ છે. જે પણ લોકો રોજ આ બ્રિજનો ઉપયોગ કરે છે, તેમને હવે ભારે હાલાકીનો સામનો કરવો પડશે. કારણકે બ્રિજ બંધ થવાને કારણે તેમને ફરી ફરી અન્ય બ્રિજ પરથી જવું પડશે. ઉલ્લેખનીય છે કે બ્રિજના સમારકામ દરમિયાન તેમાં ક્ષતિ સામે આવી હતી. જેથી સુરક્ષાના ભાગ રૂપે એએમસી દ્વારા આ બ્રિજને બંધ કરવામાં આવ્યો છે. આગામી ૫ દિવસ સુધી આ બ્રિજ બંધ રહેશે જેને લઈને એએમસી દ્વારા લોકોને જાણ કરી દેવામાં આવી છે.

### અમદાવાદમાં બોમ્બ ધમકીનો સિલસિલો યથાવત

# હવે ગુજરાત હાઈકોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

## ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સોલા હાઈકોર્ટ પોલીસ સહિતની એજન્સીઓ દ્વારા તાત્કાલિક તપાસનો ધમધમાટ

(SSS) અમદાવાદ

અમદાવાદમાં બોમ્બ ધમકીનો સિલસિલો યથાવત રહ્યો છે. આજે સવારે મદીનાથી હૈદરાબાદ જઈ રહેલી એક ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળ્યા બાદ હવે ગુજરાત હાઈકોર્ટને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

મળતી માહિતી અનુસાર ગુજરાત હાઈકોર્ટના પરિસરમાં વિસ્ફોટકો મૂકવામાં આવ્યા હોવાનો અને કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો એક અનામી ઈમેઈલ મળતા સુરક્ષા એજન્સીઓમાં ગુરુવારે દોડધામ મચી ગઈ હતી. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સોલા હાઈકોર્ટ પોલીસ સહિતની એજન્સીઓ દ્વારા તાત્કાલિક તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.અધિકારીઓના જણાવ્યા અનુસાર, હાઈકોર્ટના ઓફિશિયલ ઈમેઈલ આઈડી પર એક મેસેજ આવ્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે સંકુલની અંદર વિસ્ફોટકો પ્લાન્ટ કરી દેવામાં આવ્યા છે અને કોર્ટને ઉડાવી દેવામાં આવશે.

આ મેઈલ ધ્યાનમાં આવતાની સાથે જ હાઈકોર્ટના વહીવટી તંત્રએ તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. સોલા હાઈકોર્ટ પોલીસ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ સહિતની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સાવચેતીના પગલા રૂપે બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ ને પણ તાત્કાલિક બોલાવવામાં આવી હતી. સુરક્ષા જવાનોએ સમગ્ર સંકુલમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. પોલીસના ઉચ્ચ અધિકારીઓએ જણાવ્યું હતું કે હાઈકોર્ટ જેવી સંવેદનશીલ જગ્યા માટે મળેલી ધમકીને અત્યંત ગંભીરતાથી લેવામાં આવી રહી છે. તપાસ અધિકારીઓ હાલમાં ઈમેઈલનું આઈપી એડ્રેસ ટ્રેસ કરી રહ્યા છે, જેથી જાણી શકાય કે મેઈલ રાજ્યની અંદરથી આવ્યો છે કે કોઈ વિદેશી સર્વરનો ઉપયોગ થયો છે. પોલીસ સીસીટીવી ફૂટેજ, સર્વર લોગ્સ અને અન્ય ડિજિટલ પુરાવાઓની ચકાસણી કરી રહી છે.

અત્યાર સુધીના અહેવાલ મુજબ તપાસ દરમિયાન સંકુલમાંથી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી. જોકે, અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે વેરિફિકેશનની પ્રક્રિયા હજુ ચાલુ છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક મહિનાઓમાં અમદાવાદની મુખ્ય સંસ્થાઓ, શાળાઓ અને મોલને બોમ્બથી ઉડાવી દેવાની હોક્સ (ખોટી) ધમકીઓ મળવાનો સિલસિલો ચાલુ છે. જોકે, આ તાજેતરનો મેઈલ અગાઉની ઘટનાઓ સાથે કોઈ કનેક્શન ધરાવે છે કે કેમ તે અંગે પોલીસ તપાસ કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે, આજે જ મદીનાથી હૈદરાબાદ તરફ જઈ રહેલી ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકીભર્યો ઈમેલ મળ્યો હતો. આ ગંભીર ધમકીને પગલે ફ્લાઈટને ડાયવર્ટ કરીને અમદાવાદ એરપોર્ટ પર સુરક્ષિત રીતે લેન્ડ કરાવવામાં આવી હતી. આ ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં જ હાઈકોર્ટને નિશાન બનાવતી ધમકી મળતા સુરક્ષા વ્યવસ્થા પર સવાલો ઉભા થયા છે.

### મદીનાથી હૈદરાબાદ જઈ રહી હતી ફ્લાઈટ

# ઈન્ડિગોની ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરાયું

## ફ્લાઈટ ટેકઓફ થયા બાદ પેસેન્જર કર્યું કે મારી પાસે બોમ્બ છે : બોમ્બથી ફ્લાઈટ ઉડાવી દઈશ

(GNS) અમદાવાદ

મદીનાથી હૈદરાબાદ જઈ રહેલી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટનું આજે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. આ ઈમરજન્સી લેન્ડિંગનું કારણ ફ્લાઈટમાં સવાર એક પેસેન્જર દ્વારા બોમ્બ હોવાની ધમકી હતી. મક્કા-મદીનાથી હૈદરાબાદ જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ ટેકઓફ થયા બાદ ફ્લાઈટમાં સવાર એક મુસાફરે અચાનક એવી ધમકી આપી હતી કે "મારી પાસે બોમ્બ છે અને હું ફ્લાઈટ ઉડાવી દઈશ." પેસેન્જરના આ દાવાને પગલે ફ્લાઈટમાં હાજર ક્રૂ મેમ્બર્સ અને અન્ય મુસાફરોમાં ગભરાહટ ફેલાયો હતો. તુરંત જ ગંભીરતાને ધ્યાનમાં રાખીને ફ્લાઈટનું અમદાવાદ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાયું હતું. ફ્લાઈટના ઈમરજન્સી લેન્ડિંગ બાદ તાત્કાલિક સુરક્ષા એજન્સીઓને જાણ કરવામાં આવી હતી. CISF (સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ), ડોગ સ્ક્વોડ (Dog Squad), બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને સ્થાનિક પોલીસ પહોંચીને સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. સહિતની ટીમોએ ફ્લાઈટનું સઘન ચેકિંગ શરૂ કર્યું હતું. ફ્લાઈટની અંદર અને પેસેન્જરના સામાનની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં ફ્લાઈટમાંથી હજી સુધી કોઈ વાંધાજનક વસ્તુ કે બોમ્બ મળી આવ્યો નથી.

જે પેસેન્જરે બોમ્બની ધમકી આપી હતી, તેને તાત્કાલિક ફ્લાઈટમાંથી નીચે ઉતારીને પોલીસ દ્વારા તેની પૂછપરછ શરૂ કરવામાં આવી હતી. પોલીસ આ ધમકી પાછળનો હેતુ જાણવા પ્રયાસ કરી રહી છે કે શું આ માત્ર એક અફવા હતી કે પછી કોઈ અન્ય ઈરાદો હતો. આ ઘટનાને પગલે અમદાવાદ એરપોર્ટ પર થોડા સમય માટે હાઈ એલર્ટની સ્થિતિ સર્જાઈ હતી, જોકે પરિસ્થિતિ હાલ નિયંત્રણમાં છે. ફ્લાઈટમાં સવાર અન્ય મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે.

### ગુજરાત ATSએ જાસૂસી નેટવર્કનો કર્યો પર્દાફાશ

# પાકિસ્તાનને ગુપ્ત માહિતી પહોંચાડતા સેનાના પૂર્વ સુબેદાર સહિત બેની ધરપકડ

(GNS) અમદાવાદ

દેશ વિરુદ્ધ જાસૂસી કરતા ૨ લોકોને ગુજરાત ATS એ દબોચી લીધા છે. આ બંનેની ગુજરાત એટીએસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. બંને આરોપીઓમાં દમણમાંથી મહિલા અને ગોવામાંથી પુરુષની ધરપકડ કરવામાં આવી છે. બન્ને પાકિસ્તાનના સંપર્કમાં હોવાની વિગતો સામે આવી છે. આ મામલે ATSએ તપાસ કરતા આરોપી એ. કે. સિંહ આર્મીમાં સુબેદાર હતો. પાકિસ્તાનના જાસૂસોને ગુપ્ત માહિતી પહોંચાડવા માટે એ.કે.સિંહ મદદ કરી રહ્યો હતો. જ્યારે મહિલાનું નામ રશ્માની રવિન્દ્ર પાલ છે. પાકિસ્તાન ઈન્ટેલિજન્સ એજન્સીઓ દ્વારા સંચાલિત જાસૂસી નેટવર્કનો પર્દાફાશ ગુજરાત એ.ટી.એસ. એ કર્યો છે. પાકિસ્તાન ઈન્ટેલિજન્સ એજન્સીઓ "અંકિતા શર્મા" ના ખોટા નામ હેઠળ ગોવાના અજયકુમાર સુરેન્દ્રસિંહ નામના નિવૃત્ત આર્મી સુબેદાર સાથે ૨૦૨૨માં સંપર્કમાં આવી હતી. જે બાદ તેની પાસેથી PIO દ્વારા અજયકુમાર પાસેથી આર્મીના યુનિટ, પોસ્ટિંગ, મુવમેન્ટ વગેરે માહિતી માગતી હતી. જે અંગે તેઓએ અધિકારીઓની બદલી અને જુદી જુદી યુનિટોની મુવમેન્ટ વગેરે માહિતી શેર કરી હતી. આ ઉપરાંત PIO એ અજયકુમારના મોબાઈલમાં ટ્રોઝન માલવેર ફાઈલ મોકલવામાં આવી હતી. જે અજયકુમારને મોબાઈલમાં સેવ કરી ઈન્સ્ટોલ કરવા જણાવ્યુ હતું જેથી વોટ્સએપ મારફતે તમામ સંવેદનશીલ માહિતી મોકલવાની જરૂર ન પડે અને PIO તેનો મોબાઈલ ડાયરેક્ટ એક્સેસ કરી શકે. આ કેસમાં વધુ તપાસ દરમ્યાન દમણમાં રહેતી રશ્માની રવિન્દ્ર પાલનું નામ સામેલ હોવાનું ધ્યાને આવ્યું હતું.

રશ્માનીની પ્રાથમિક પુછપરછ દરમ્યાન જાણવા મળ્યું કે પાકિસ્તાની હેન્ડલરો માટે તે એક મહત્વપૂર્ણ માધ્યમ તરીકે કામ કરતી હતી. PIO અબ્દુલ સત્તાર અને ખાલીદ દ્વારા રાશમનીને નાણાકિય લાભના બદલામાં "પ્રિયા ઠાકુર" નામની ખોટી ઓળખ બનાવીને જે ભારતીય આર્મીના જવાનોની માહિતી સત્તાર અને ખાલીદ શેર કરે તેઓની સાથે મિત્રતા કરવા અને તેનાથી આર્મીની ખાનગી માહિતી મેળવવાની સુચના અપાઈ હતી. જે માટે સમયાંતરે તેને ઘણા બધા મોબાઈલ નંબરોનું લિસ્ટ આપવામાં આવ્યું હતું, જે પૈકી તેણીએ સેનાની ગુપ્ત માહિતી માટે અમુક લોકોને ફસાવવાની કામગીરી કરેલ હતી.

રશ્માની ભારતીય આર્મી જવાનોને ફસાવવા હનીટ્રેપ અને સ્વીટ ટોકથી અધિકારીઓ પાસે માહિતી કઢાવતી. આ ઉપરાંત હેન્ડલરોએ રાશમનીને આર્મીની અમુક યુનિટ્સની યુદ્ધ અભ્યાસ અને મુવમેન્ટ અંગે ખાસ તપાસ કરવા જણાવ્યુ હતું. ઉલ્લેખનીય છે કે રાશમની સત્તારના પાકિસ્તાની નંબર(+૯૨) સાથે સીધા સંપર્કમાં હતી. આ સાથે રાશમનીએ વિવિધ નાણાકિય વ્યવહારો દ્વારા રૂપિયા મેળવવા એરટેલ પેમેન્ટ બેક્રમાં નવું ખાતુ ખોલાવ્યુ હતું. આ તમામ માહિતી અંગેની વિગતો, આંતરરાષ્ટ્રીય નંબરોથી વોટસએપ કોલ અને દસ્તાવેજો અને નાણાકિય વ્યવહારોની વિગતો ઈસમોના મોબાઈલમાંથી મળી આવી છે. આ સાથે PIOની IP એડ્રેસની ચકાસણી કરતા "અંકિતા શર્મા ઉર્ફે રાધિકા મુલતાન અને સરગોધા. પાકિસ્તાન ખાતેથી, "અબ્દુલ સત્તાર" લાહોર, પાકિસ્તાન ખાતેથી અને "ખાલીદ અને મલેશિયન નંબરનો ઉપયોગ કરી પાકિસ્તાન ખાતેથી ઓપરેટ કરતા હોવાનું સામે આવ્યું છે. હાલ ATSએ બંને આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.